# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી ખાતે તા.૧૧/૧૦/૨૦૧૮ શુક્રવારના રોજ ૧૧ : ૦૦ કલાકે બોર્ડના માન. અધ્યક્ષશ્રીના અધ્યક્ષ પદે મળેલ કારોબારી સમિતિની સત્યાવીસમી બેઠકની કાર્યવાહીની નોંધ.**

**બેઠકમાં નીચે જણાવેલ સભ્યશ્રી / અધિકારીશ્રીઓ ઉપસ્થિત / અનઉપસ્થિત રહયા હતા.**

| ક્રમ | સભ્યશ્રી / અધિકારીશ્રીનું નામ | હોદ્દો | તા. 11/10/2018 |
|---|---|---|---|
| ૧ | શ્રી એ. જે. શાહ | **અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર** | **ઉપસ્થિત** |
| ૨ | -------- | **નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર** | **અનઉપસ્થિત** |
| ૩ | અધ્યક્ષશ્રી , રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર. | **સભ્યશ્રી** | **અનઉપસ્થિત** |
| ૪ | શ્રી જયપ્રકાશ પી. પટેલ | **સભ્યશ્રી** | **ઉપસ્થિત** |
| ૫ | શ્રી ભરતભાઈ એમ. ચૌધરી | **સભ્યશ્રી** | **ઉપસ્થિત** |
| ૬. | શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ | **સભ્યશ્રી** | **ઉપસ્થિત** |
| ૭. | શ્રી પ્રવિણસિંહ આર. સોલંકી | **સભ્યશ્રી** | **અનઉપસ્થિત** |
| ૮. | શ્રી રસિકભાઈ આઈ. હરણીયા | **સભ્યશ્રી** | **ઉપસ્થિત** |
| ૯. | શ્રી રમણભાઈ ડી. પટેલ | **સભ્યશ્રી** | **ઉપસ્થિત** |
| ૧૦. | શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | **સભ્યશ્રી** | **ઉપસ્થિત** |
| ૧૧. | શ્રી પરસોત્તમભાઈ જે. સોનારા | **સભ્યશ્રી** | **ઉપસ્થિત** |
| ૧૨. | શ્રી ડી.એસ. પટેલ | સભ્ય સચિવશ્રી **ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર** | **ઉપસ્થિત** |

| **બાબત ક્રમાંક : ૪૨૫/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૨૫/૨૦૧૮** |
|---|---|
| તા.૦૭/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમિતિની છવ્વીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર કરવા તથા અમલીકરણની નોંધ લેવા બાબત. | તા.૦૭/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમિતિની છવ્વીસમી બેઠકની કાર્યવાહી નોંધમાં બાબત ક્રમાંક: ૪૦૮/૨૦૧૮ માં છેલ્લા ફકરાની "તથા ગૃહ વિભાગના નિયંત્રણ કચેરી દ્વારા જરૂરી તપાસ કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું" આ વિગત રદ કરવાનો સુધારો સુચવ્યો. તે સુધારો આમેજ કરવાનું સ્વીકાર્યુ. કાર્યવાહી નોંધ મંજુર કરવામાં આવી તથા અમલીકરણની નોંધ લેવામાં આવી. |
| **બાબત ક્રમાંક : ૪૨૬/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૨૬/૨૦૧૮** |
| તા.૧૨/૧૦/૨૦૧૮ ના રોજ મળનાર સામાન્ય સભામાં રજુ કરવાના પ્રશ્નોનો ડ્રો કરવા બાબત. | તા.૧૨/૧૦/૨૦૧૮ ના રોજ મળનાર સામાન્ય સભામાં રજુ કરવાના પ્રશ્નોનો ડ્રો કરી નિર્ણય કરવામાં આવ્યો. |
| **બાબત ક્રમાંક : ૪૨૭/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૨૭/૨૦૧૮** |
| આગામી તા.૧૨/૧૦/૨૦૧૮ ના રોજ મળનાર સામાન્ય સભામાં રજૂ કરવાના પ્રસ્તાવો ઉપર ચર્ચા | આગામી તા.૧૨/૧૦/૨૦૧૮ ના રોજ મળનાર સામાન્ય સભામાં રજૂ કરવાના પ્રસ્તાવો ઉપર ચર્ચા વિચારણા |

| | |
|---|---|
| વિચારણા કરવા બાબત. | કરવામાં આવેલ છે. આ સાથે પત્રક-અ સામેલ છે. |
| **બાબત ક્રમાંક : ૪૨૮/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૨૮/૨૦૧૮** |
| વેદાંત ઈન્ટરનેશનલ સ્કુલ, લુણાવાડા, જિ.મહીસાગર ધો-૯ ની મંજૂરી રદ કરવા બાબત તથા ધો-૧૦ ના વર્ગો ગેરકાયદેસર ચલાવવા બાબત. | વેદાંત ઈન્ટરનેશનલ સ્કુલ, લુણાવાડા, જિ.મહીસાગર ધો-૯ ની મંજૂરી રદ કરવા બાબત તથા ધો-૧૦ ના વર્ગો ગેરકાયદેસર ચલાવવાની બાબત કારોબારી સમિતિમાં રજૂ કરતા તપાસ અધિકારીશ્રી જિ.શિ.અ.શ્રી મહેસાણા શ્રી જી. ડી. પટેલ હાજર રહ્યા હતા અને કારોબારી સમિતિ સમક્ષ અહેવાલ રજુ કરેલ હતો.<br>➢ વેદાન્ત ઇન્ટરનેશનલ સ્કૂલ મુ.લુણાવાડા જિ.મહિસાગર ને જૂન-૨૦૧૭ થી **(G/17/140)** કામચલાઉ મંજૂરી ધો-૯ની આપેલ છે.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહિસાગરના તા.૧૩/૦૪/૨૦૧૮ના પત્રથી જણાવેલ છે કે આ શાળામાં ધો-૧૦નો વર્ગ ગેરકાયદેસર રીતે ચાલતો હોવાની રજૂઆત સંદર્ભ પત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહિસાગરને મળેલ હતી. અને આ બાબતે દિવ્ય ભાસ્કર અખબારમાં તેમજ **TV9** અને **ABP ASMITA** ન્યૂઝ ચેનલ પર પણ અહેવાલ પ્રસિધ્ધ થયા હતા.<br>➢ અરજદારશ્રી નરવતભાઇ દાનાભાઇ ખાંટે એવી રજૂઆત કરી હતી કે તેમનો પુત્ર ખાંટ અલ્પેશભાઇ નરવતભાઇ વેદાંત ઇન્ટરનેશનલ લુણાવાડામાં ધો-૧૦માં ભણે છે. તેઓ જયારે બોના ફાઇડ સર્ટી લેવા શાળામાં ગયા ત્યારે તેઓને ખબર પડી કે તેઓનો પુત્ર વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલ લુણાવાડામાં નહી પણ નારાયણ વિદ્યાલય લુણાવાડામાં ભણે છે તેઓને બોનાફાઇડ સર્ટી પણ નારાયણ વિદ્યાલય લુણાવાડામાંથી મળેલ છે.<br>➢ તપાસ અધિકારીએ નારાયણ વિદ્યાલય લુણાવાડાની આ તપાસ કામે મુલાકાત દરમ્યાન આચાર્યશ્રીનું લેખીત નિવેદન રજૂ કરેલ છે તે જોતા અરજદારના પુત્ર ખાંટ અલ્પેશભાઇ નરવતભાઇને નારાયણ વિદ્યાલય લુણાવાડામાં પ્રવેશ આપેલ છે જે વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલ લુણાવાડા નોન ગ્રાન્ટેડ માં ધો-૧૦માં અભ્યાસ કરે છે.<br>➢ તપાસ અધિકારીશ્રીએ નારાયણ વિદ્યાલય લુણાવાડાની મુલાકત દરમ્યાન ધો-૧૦ પ્રથમ કસોટી ઓકટોબર-૨૦૧૭ અને દ્રિતીય કસોટીના |

| | |
|---|---|
| | OMR જવાબવહી શાળામાં જોવા મળેલ નથી.<br>➢ CCTV ફૂટેજ રજૂ કરવા તપાસ અધિકારીએ બંન્ને શાળાને લેખીતમાં જણાવેલ હોવા છતાં આ બંન્ને શાળાઓએ CCTV ફૂટેજ આપેલ નથી.<br>➢ અરજદારના નિવેદન મુજબ આવી કોઇ અરજી તેઓએ કરી નથી તેમ જણાવેલ છે પરંતુ તપાસ અધિકારીના અહેવાલ મુજબ અરજદાર હોસ્ટાઇલ થયેલ હોવાનું માનવાને કારણ રહે છે.<br>➢ તપાસ અધિકારીને અહેવાલ અને તેમાં સામેલ સાધનિક કાગળો નિવેદનો જોતા વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલ આચાર્યશ્રી નારાયણ વિદ્યાલય, લુણાવાડાના મેળાપીપણામાં રહી વાલીઓ/ વિદ્યાર્થીઓને ધો-૧૦ના વર્ગની મંજૂરી બાબતે ગેરમાર્ગે દોરી તેમની શાળામાં ધો-૧૦ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી નોન ગ્રાન્ટેડ શાળાની ફી વસુલી ધો-૧૦નો એક વર્ગ ગેરકાયદેસર રીતે ચલાવતા હોય તેમ માનવાને કારણ રહેતુ હોઇ વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલની કામચલાઉ મંજૂરી રદ કરવા તેમજ આ નેટવર્કમાં સામેલ ગ્રાન્ટેડ શાળા નારાયણ વિદ્યાલય લુણાવાડા (ઇન્ડેક્ષ નંબર: ૮૫.૧૧૮) ની નોંધણી રદ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહિસાગરે વિનંતી કરેલ છે<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહિસાગરના તા.૧૬/૦૪/૨૦૧૮ના પત્રથી સદર શાળા સલામતીના ધોરણોમાં સંપૂર્ણ પર્ણ કંમ્પાઉન્ડવોલ અને ગેટની સુવિદ્યા ઉપલબ્ધ ન હોઇ સદમ માધ્યમિક શાળાની નોંધણી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહિસાગરનો અભિપ્રાય નથી.<br>➢ તા.૧૫ અને તા.૧૬/૦૫/૨૦૧૮ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:-૩૦૪/૨૦૧૮ થી રાજયના કોઇપણ જિલ્લાના બે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વહીવટી તથા શૈક્ષણિક ઇસ્પેકશન કરાવવાનું અને અહેવાલ મળ્યેથી કારોબારી સમિતિમાં દિન-૧૫માં રજૂ કરવાનું સર્વાનુમત્રે ઠરાવેલ હતું.<br>➢ ઉપરોકત ઠરાવ મુજબ અત્રેની કચેરીના તા.૨૫/૦૫/૨૦૧૮ થી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત અને મહેસાણાને તપાસ સોપેલ હતી.<br>➢ બંન્ને તપાસ અધિકારીશ્રીએ તા.૧૮/૦૯/૨૦૧૮ના |

રોજ તપાસ અહેવાલ આપેલ છે.

૧) વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલ અને નારાયણ વિદ્યાલય-લુણાવાડાની તા.૨૮/૦૭/૨૦૧૮ના રોજ રૂબરૂ સ્થળ તપાસ કરેલ હતી.

૨) નારાયણ વિદ્યાલય ગ્રાન્ટેડ શાળાનો બીજીવાર સ્થળ ફેરફાર કરી આદર્શ વિદ્યાલય મુ.લુણાવાડા શાળાના મકાનમાં ત્રીજા માળે સ્થળ ફેરફાર કરેલ છે.

૩) નારાયણ વિદ્યાલયના ઇ.આચાર્યશ્રીએ ધો-૧૦ના કુલ-૯ વિદ્યાર્થીનું કોચીગ વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલમાં ચાલતુ હતું અને તેમને નારાયણ વિદ્યાલયમાં પ્રવેશ આપેલ હોવાનું જણાવેલ છે.

૪) વેદાત ઇન્ટરનેશનલ સ્કૂલ-લુણાવાડાના મેનેજીગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઇ પટેલે અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરને ઉદેશીને લખેલ પત્રમાં ૦૯ વિદ્યાર્થીઓ કે જેઓએ નારાયણ વિદ્યાલય માં પ્રવેશ મેળવેલ છે. અને તેમનું કોંચીગ વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલમાં ચાલતું હતું. તેવું સ્વીકારતો પત્ર શિક્ષણ નિરીક્ષક, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મહિસાગરને રજૂ કરેલ છે.

૫) નારાયણ વિદ્યાલયમાં ૨૦૧૭માં ધો-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ૦૯ વિદ્યાર્થીઓ કે જેઓએ અન્ય શાળામાંથી સદર શાળામાં પ્રવેશ મેળવેલ તેઓની ઉતરવહીઓ કબજે લેતા સ્પષ્ટ જોવા મળેલ છે કે આ વિદ્યાર્થીઓનું પરીક્ષાનું રેકર્ડ પાછળથી ઉભુ કરવામાં આવેલ છે.

૬) આદર્શ વિદ્યાલય (નોંર ગ્રાન્ટેડ) અને શ્રી નારાયણ વિદ્યાલય બંન્ને શાળાઓ એકજ મકાનમાં ચાલે છે. બન્ને શાળાઓ જે મકાનમાં કાર્યરત છે તે મકાનમાં શાળા માટે ભૌતિક સુવિદ્યાઓ જેવી કે રમતગમતનું મેદાન, લેબોરેટરી, વિદ્યાર્થી સંખ્યાના પ્રમાણમાં યુરીનલ, ટોયલેટ વગેરે જરૂરીયાત મુજબના નથી. શાળા સલામતી માટે નિયમ થયેલ માપદંડ જળવાતા નથી.

૭) શ્રી કીરીટભાઇ પંડયા ૮૬ દિવસ જેલમાં રહેલ છે. તેમ છતાં નારાયણ વિદ્યાલયના સંચાલક મંડળે શ્રી પંડયાને ફરજ મોકુફ કરેલ નથી.

૮) આદર્શ વિદ્યાલય લુણાવાડા બિન અનુદાનિત શાળા

| | |
|---|---|
| | છે. જેમાં રાજય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચક આર્થિક સહાય પેટે લગભગ ૫૪ લાખ જેટલી આર્થિક નાણાકીય સહાય ચુકવવામાં આવેલ છે. આ રકમ વિદ્યાર્થીઓએ ભરેલ ફીની રકમ સામે વિદ્યાર્થીઓને પરત કરવામાં આવેલ છે કે કેમ ? તે પણ તપાસવાની બાબત બને છે.<br><u>તારણ:-</u><br>નારાયણ વિદ્યાલય અને આદર્શ વિદ્યાલય બંન્ને શાળાઓ એકજ મકાનમાં ચાલે છે. આ બંન્ને શાળાઓ પાસે શાળા માટે જરૂરી ભૌતિક સુવિદ્યાઓનો અભાવ છે. બંન્ને શાળાઓમાં મોટાપાયે નાણાકીય અનિયમિતતાઓ જોવા મળેલ છે. બંન્ને શાળાઓના સંચાલક મંડળ દ્વારા શાળા સલામતીના ધોરણોનું પાલન કરવામાં આવતુ નથી. બંન્ને શાળાઓના સંચાલક મંડળ દ્વારા શાળાની માન્યતાઓની શરતો ભંગ કરવામાં આવેલ છે. આમ ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતા સમાજના વિશાળ હિતમાં શાળા સલામતીની જોગવાઇઓ ધ્યાને લેતા નારાયણ વિદ્યાલય મુ.લુણાવાડા અને આદર્શ વિદ્યાલય મુ.લુણાવાડાની માન્યતા રદ કરવા જેવા પગલા લેવા જરૂરી જણાય છે.<br>તપાસ અધિકારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહેસાણા અને સુરતના ઉક્ત તપાસ અહેવાલના આધારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ની કલમ – ૯ (ક) મુજબ કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક :૪૨૯/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૨૯/૨૦૧૮** |
| વેદાંત ઈન્ટરનેશનલ સ્કુલ, લુણાવાડા, જિ.મહીસાગર ધો-૧૧ **(H/17/52)** ની કામચલાઉ મંજૂરી રદ કરવા બાબત. | વેદાંત ઈન્ટરનેશનલ સ્કુલ, લુણાવાડા, જિ.મહીસાગર ધો-૧૧ **(H/17/52)** ની કામચલાઉ મંજૂરી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજૂ કરતા તપાસ અધિકારીશ્રી જિ.શિ.અ.શ્રી મહેસાણા શ્રી જી. ડી. પટેલ હાજર રહ્યા હતા અને કારોબારી સમિતિ સમક્ષ અહેવાલ રજુ કરેલ હતો.<br>- શ્રી રામયુવક સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલ લુણાવાડા ધો-૧૧ની જૂન-૨૦૧૭ થી કામચલાઉ મંજૂરી અત્રેની કચેરીના તા.૨૦/૦૯/૨૦૧૭ થી આપેલ છે.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહિસાગરના તા.૧૬/૦૪/૨૦૧૮ના પત્રથી સદર ઉચ્ચતર માધ્યમિક શાળા નોંધણી બાબતે અહેવાલ મોકલેલ છે. |

૧) શાળા રજીસ્ટ્રેશન પત્રકમાં ક્રમ નં.૨૮ શાળાના હાલના હાલના મકાનમાં અન્ય શાળા/સંસ્થા ચલાવવામાં આવે છે ?

શાળાએ માધ્ય વિભાગની નોંધણી ફાઇલમાં ના દર્શાવેલ છે જયારે ઉચ્ચતર માધ્યમિક વિભાગની ફાઇલમાં હા કે ના નો પ્રત્યુત્તર જણાવ્યા વગર આ ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક વિભાગ અને ધો–૯ ચલાવવામાં આવે છે તેમ દર્શાવેલ છે સદર મકાનમાં પ્રાથમિક વિભાગ બેસે છે જેથી સંસ્થાએ રજૂ કરેલ વિગતો ખોટી છે.

૨) શાળા રજીસ્ટ્રેશન પત્રક ક્રમ;-૪૬ શાળાના પ્રયોગશાળા ખંડ છે. ?

શાળાએ રજીસ્ટ્રેશન પત્રકમાં હા દર્શાવેલ છે પરંતુ શાળાનું જે મકાનછે તેની બાજુમાં આવેલ મકાનમાં પ્રયોગશાલા આવેલી છે જયાં સાયન્સ કોલેજ કાર્યરત છે જે પ્રયોગશાળા કોલેજની હોઇ તેમ માનવાને કારણ રહે.

૩) શાળા રજીસ્ટ્રેશન પત્રક ક્રમ:-૪૪ શાળાને કંમ્પાઉન્ડવોલ આવેલ છે કે કેમ ?

શાળાએ રજીસ્ટ્રેશન પત્રકમાં હા દર્શાવેલ છે પરંતુ ખરેખર આખા કંમ્પાઉન્ડને ફરતે કંમ્પાઉન્ડ વોલ નથી(અંશત: કંમ્પાઉન્ડ વોલ છે.) શાળાને ગેટ ઉપલબ્ધ નથી જે જોતાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પત્ર ક્રમાંક મઉમશબ/શાનિ/૧૫૮૮૯-૯૨૭ તા.૨૮/૯/૨૦૧૭ના શાળા સલામતિના ધોરણો જળવતા નથી.

નોંધણી માટે જરૂરી આધારોમાં નામ.સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલી સીવીલ પીટીશન નં.૪૮૩/૦૪માં તા.૧૩/૪/૨૦૧૯ના રોજ આપેલ નિર્દેશ મુજબ સૂચિત શાળાનું મકાન સલામત અને સુરક્ષિત છે અને સુરક્ષાના પ્રત્યેક પાસાઓને ધ્યાનમાં લઇ આવું મકાન નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇન્ડીયા સલામતી અંગેના ધોરણો અનુસાર બંધાયેલ છે તેની ચકાસણી સંબંધિત જિલ્લાના અધિકાર ધરાવતા નાયબ નગર નિયોજક અથવા જિલ્લાના નજીકના મ્યુનિસીપાલીટી/શહેરી વિકાસ સત્તા મંડળે પાસે નોંધાયેલા સ્ટ્રકચરલ એન્જિનિયર દ્વારા ચકાસણી કરેલ છે તે મતલબનું નિયત નમુના મુજબનું પ્રમાણપત્ર સામેલ નથી.

| | |
|---|---|
| | આમ, બોર્ડના જરૂરી આધારોમાં મ્યુનિસીપાલટી/શહેરી વિકાસ સતા મંડળ પાસે નોંધાયેલા સ્ટ્રકચરલ એન્જીનિયર દ્વારા ચકાસણી કરેલ છે તે મતલબનું નિયત નમુના મુજબનું પ્રમાણપત્ર સામેલ ન હોવું, શાળા સલામતીના ધોરણોમાં સંપૂર્ણપણે કંમ્પાઉન્ડ વોલ અને ગેટની સુવિધા ઉપલબ્ધ ન હોઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહિસાગરે સદર ઉ.મા.શાળા ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહની કાયમી નોંધણી માટે અભિપ્રાય આપેલ નથી.<br>➢ તા.૧૫ અને તા.૧૬/૦૫/૨૦૧૮ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:-૩૦૪/૨૦૧૮ થી રાજયના કોઇપણ જિલ્લાના બે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વહીવટી તથા શૈક્ષણિક ઇસ્પેકશન કરાવવાનું અને અહેવાલ મળ્યેથી કારોબારી સમિતિમાં દિન-૧૫માં રજૂ કરવાનું સર્વાનુમત્રે ઠરાવેલ હતું.<br>➢ ઉપરોકત ઠરાવ મુજબ અત્રેની કચેરીના તા.૨૫/૦૫/૨૦૧૮ થી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત અને મહેસાણાને તપાસ સોપેલ હતી.<br>➢ બંન્ને તપાસ અધિકારીશ્રીએ તા.૧૮/૦૯/૨૦૧૮ના રોજ તપાસ અહેવાલ આપેલ છે.<br>૧) વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલ અને નારાયણ વિદ્યાલય-લુણાવાડાની તા.૨૮/૦૭/૨૦૧૮ના રોજ રૂબરૂ સ્થળ તપાસ કરેલ હતી.<br>૨) નારાયણ વિદ્યાલય ગ્રાન્ટેડ શાળાનો બીજીવાર સ્થળ ફેરફાર કરી આદર્શ વિદ્યાલય મુ.લુણાવાડા શાળાના મકાનમાં ત્રીજા માળે સ્થળ ફેરફાર કરેલ છે.<br>૩) નારાયણ વિદ્યાલયના ઇ.આચાર્યશ્રીએ ધો-૧૦ના કુલ-૯ વિદ્યાર્થીનું કોચીગ વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલમાં ચાલતુ હતું અને તેમને નારાયણ વિદ્યાલયમાં પ્રવેશ આપેલ હોવાનું જણાવેલ છે.<br>૪) વેદાત ઇન્ટરનેશનલ સ્કૂલ-લુણાવાડાના મેનેજીગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઇ પટેલે અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરને ઉદેશીને લખેલ પત્રમાં ૦૯ વિદ્યાર્થીઓ કે જેઓએ નારાયણ વિદ્યાલય માં પ્રવેશ મેળવેલ છે. અને તેમનું કોંચીગ વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલમાં ચાલતું હતું. તેવું સ્વીકારતો પત્ર શિક્ષણ નિરીક્ષક, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મહિસાગરને રજૂ કરેલ છે. |

| | |
|---|---|
| | ૫) નારાયણ વિદ્યાલયમાં ૨૦૧૭માં ધો-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ૦૯ વિદ્યાર્થીઓ કે જેઓએ અન્ય શાળામાંથી સદર શાળામાં પ્રવેશ મેળવેલ તેઓની ઉતરવહીઓ કબજે લેતા સ્પષ્ટ જોવા મળેલ છે કે આ વિદ્યાર્થીઓનું પરીક્ષાનું રેકર્ડ પાછળથી ઉભુ કરવામાં આવેલ છે.<br>૬) આદર્શ વિદ્યાલય (નોંર ગ્રાન્ટેડ) અને શ્રી નારાયણ વિદ્યાલય બંન્ને શાળાઓ એકજ મકાનમાં ચાલે છે. બન્ને શાળાઓ જે મકાનમાં કાર્યરત છે તે મકાનમાં શાળા માટે ભૌતિક સુવિદ્યાઓ જેવી કે રમતગમતનું મેદાન, લેબોરેટરી, વિદ્યાર્થી સંખ્યાના પ્રમાણમાં યુરીનલ, ટોયલેટ વગેરે જરૂરીયાત મુજબના નથી. શાળા સલામતી માટે નિયમ થયેલ માપદંડ જળવાતા નથી.<br>૭) શ્રી કીરીટભાઇ પંડયા ૮૬ દિવસ જેલમાં રહેલ છે. તેમ છતાં નારાયણ વિદ્યાલયના સંચાલક મંડળે શ્રી પંડયાને ફરજ મોકુફ કરેલ નથી<br>૮) આદર્શ વિદ્યાલય લુણાવાડા બિન અનુદાનિત શાળા છે. જેમાં રાજય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચક આર્થિક સહાય પેટે લગભગ ૫૪ લાખ જેટલી આર્થિક નાણાકીય સહાય ચુકવવામાં આવેલ છે. આ રકમ વિદ્યાર્થીઓએ ભરેલ ફીની રકમ સામે વિદ્યાર્થીઓને પરત કરવામાં આવેલ છે કે કેમ ? તે પણ તપાસવાની બાબત બને છે.<br><u>તારણ:-</u><br>નારાયણ વિદ્યાલય અને આદર્શ  વિદ્યાલય બંન્ને શાળાઓ એકજ મકાનમાં ચાલે છે. આ બંન્ને શાળાઓ પાસે શાળા માટે જરૂરી ભૌતિક સુવિદ્યાઓનો અભાવ છે. બંન્ને શાળાઓમાં મોટાપાયે નાણાકીય અનિયમિતતાઓ જોવા મળેલ છે. બંન્ને શાળાઓના સંચાલક મંડળ દ્વારા શાળા સલામતીના ધોરણોનું પાલન કરવામાં આવતુ નથી. બંન્ને શાળાઓના સંચાલક મંડળ દ્વારા શાળાની માન્યતાઓની શરતો ભંગ કરવામાં આવેલ છે. આમ ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતા સમાજના વિશાળ હિતમાં શાળા સલામતીની જોગવાઇઓ ધ્યાને લેતા નારાયણ વિદ્યાલય મુ.લુણાવાડા અને આદર્શ વિદ્યાલય મુ.લુણાવાડાની માન્યતા રદ કરવા જેવા પગલા લેવા જરૂરી જણાય છે. |

| | |
|---|---|
| | તપાસ અધિકારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહેસાણા અને સુરતના ઉક્ત તપાસ અહેવાલના આધારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ની કલમ – ૯ (ક) મુજબ કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૩૦/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૦/૨૦૧૮** |
| પંચમહાલ જિલ્લા સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક શાળા, મુ.અછાલા-છારીયા, તા.ગોધરા, જિ. પંચમહાલ શાળાની નોંધણી રદ બાબતે નિર્ણય કરવા બાબત. | પંચમહાલ જિલ્લા સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક શાળા, મુ.અછાલા-છારીયા, તા.ગોધરા, જિ.પંચમહાલ શાળાની નોંધણી રદ બાબતે નિર્ણય કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી નટવરસિંહ ચૌહાણ-પ્રમુખ અને અને જિ.શિ.અ.શ્રી પંચમહાલના પ્રતિનિધિશ્રી પારેખ મેહુલભાઈ- **E.I.** હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>➢ બોર્ડના તા.૪/૨/૨૦૧૦ના રોજ જિ.શિ.અ.શ્રી પંચમહાલના પત્રના આધારે શાળાની નોંધણી રદ કરવા કારણ દર્શક નોટીસ આપેલ હતી.<br>➢ ગ્રાન્ટેડ માધ્યમિક શાળા મુ.અછાલા-છારીયા તા.ગોધરા જિ.પંચમહાલની નોંધણી રદ બોર્ડની તા.૨૧/૬/૨૦૧૦ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક ૭૭/૨૦૧૦ થી કચેરીના તા.૧૫/૭/૨૦૧૦ના પત્ર મઉમશબ/ગ/નોરદ/૬૯૪૧-૪૬ થી નોંધણી રદ કરેલ હતી.<br>➢ શિક્ષણ વિભાગે તા.૧૭/૩/૨૦૧૧ના પત્રથી અપીલ નામંજૂર કરેલ હતી.<br>➢ **L.P.A NO 1247/2016 IN SCA 8229/2011** ના તા.૨૨/૧૧/૨૦૧૬ના નામદાર કોર્ટના ઓરલ ઓર્ડરમાં જણાવેલ છે કે **after hearing the matter was pleased to dismiss the appeal and has also observed that it would be open for the board to proceed for their in accordance with procedure envisaged in regulation 9A.**<br>➢ નામદાર કોર્ટના ચુકાદા મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-ખેડાને અત્રેની કચેરીના તા.૯/૧/૨૦૧૭ના પત્ર ક્રમાંક મઉમશબ/શાનિ/૨૬૫૦૫ થી તપાસ અધિકારી તરીકે નિમણૂક કરી તપાસ અહેવાલ આપવા જણાવેલ હતું.<br>➢ તપાસ અધિકારી ખેડાએ મંડળને તા.૩/૪/૨૦૧૭ના |

| | |
|---|---|
| | રોજ તહોમતનામું બજાવેલ છે.<br>➢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-ખેડાએ તા.૯/૬/૨૦૧૭ના પત્ર ક્રમાંક તપાસ/૨૦૧૭/૪૨૯૧ થી તપાસ અહેવાલ મોકલેલ છે જે નીચે મુજબ છે.<br>➢ શાળાના નવુ મકાન માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સ્થળ ફેરફારની મંજૂરી મળેલ નથી.<br>➢ જે મકાનમાં મંજૂરી મળેલ તે મકાનમાં ભૌતિક સુવિદ્યાઓ અંગેની અનિયમિતતાઓ તથા નીતી નિયમોનો ભંગ કરેલ છે. તે બાબત મંડળના પ્રમુખે સ્વીકારેલ છે.<br>➢ બોર્ડ દ્વારા જે મકાનમાં મંજૂરી મળેલ તે મકાન સ્થળે મકાન માલિકીની ખુલ્લી પડેલ જગ્યામાં મેદાન તરીકે ઉપયોગ કરવામાં આવતો હોવાનું જણાવેલ છે મંડળની માલિકીનું પોતાનું અથવા ભાડાના મેદાનની સુવિદ્યા ન હોવાનું શાળાના પ્રમુખે અંશતઃસ્વીકારેલ છે.<br>➢ શાળામાં જેતે સમયે તથા તપાસ અધિકારીની ટીમે મુલાકાત લીધી ત્યારે એક પણ વિદ્યાર્થી સંખ્યા ન હોય અને શાળા બંધ હોય શાળાની નોંધણી રદ કરવા પાત્ર થાય છે.<br>➢ તપાસ અધિકારીશ્રી તથા તેમની ટીમે શાળાની તા.૧૬/૨/૨૦૧૭ના રોજ રૂબરૂ સ્થળ તપાસ કરવા નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.<br>• શાળાના નવા મકાનના ઓરડાના બારી-બારણા તુટેલી હાલતમાં છે.<br>• શાળાના નવા મકાનના એક ઓરડાનું ભોયતળિયું તુટેલુ છે.<br>• શાળાના નવા મકાનમાં ગર્લ્સરૂમ, કોમ્પ્યુટરરૂમ, વ્યાયમ ખંડની સુવિદ્યા નથી.<br>• શાળાના નવા મકાન સ્થળે ટ્રસ્ટની માલિકીની મેદાન માટેની જમીન એટલે કે મેદાનની સુવિદ્યા નથી.<br>• શાળાના નવા મકાન સ્થળે વીજળી,જોડાણ.લાઇટ સુવિદ્યાનું મરામત કરાવેલ નથી.<br>• શાળાના નવા મકાન સ્થળે શાળા ફરતે કંમ્પાઉડ વોલની સુવિદ્યા નથી.<br>• ટ્રસ્ટે શાળાનું નવા મકાન બનાવેલ છે તે જમીન |

| | |
|---|---|
| | નાનસિંહ નુરાભાઇ રાઠવાની માલિકીની છે જે તેઓએ ટ્રસ્ટને શાળા મકાન બનાવવા દાનમાં આપેલ છે આ જમીન ૭૭ એએ પ્રકારની નિયંત્રણ જમીન છે જે અંગે સક્ષમ અધિકારીની મંજૂરી મેળવેલ નથી.<br>• ટ્રસ્ટે બનાવેલ નવા મકાનના બાંધકામ માટે સક્ષમ અધિકારીની મંજૂરી મેળવેલ નથી.<br>• શાળા મંડળે બનાવેલ નવા મકાનનો રજૂ કરેલ નકશો માન્ય ઇજનેરે સાઇટ સુપરવિઝન કર્યા સિવાય મંજૂર કરેલ છે.<br>• શાળામાં ટીમ દ્વારા તા.૧૬/૨/૨૦૧૭ના રોજ ૧૩.૪૫ કલાકે મુલાકાત લેવામાં આવી ત્યારે શાળામાં જુના કે નવા મકાન સ્થળે એક પણ વિદ્યાર્થી કે શિક્ષક જોવા મળેલ ન હતા. તથા સદર જુના-નવા મકાનની બાજુમાં રહીશોને રૂબરૂમાં પૂછતા તેઓએ જણાવેલ છે કે છેલ્લા લાંબા સમયની શાળા બંધ છે શાળામાં એકપણ શિક્ષક કે વિદ્યાર્થી આવતા નથી.<br>• શાળાના નવા મકાન સ્થળે શાળા સ્થળ ફેરફાર અંગે સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવામાં આવેલ નથી.<br>➢ તપાસ અધિકારીએ પ્રમુખને ફરમાવેલ તોહમતનામાના આરોપ નં ૧ થી ૫ સાબિત થતા હોય સદર ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શાળા-અછાલા છારીયા તા.ગોધરા જિ.પંચમહાલની માન્યતા રદ કરવા પાત્ર થાય છે તેમ તપાસ અધિકારી જણાવે છે.<br>➢ વધુમાં તપાસ અધિકારી જણાવે છે કે સદર શાળા બંધ થવાથી આદિવાસી ગ્રામ્ય-ડુંગરાળ વિસ્તારના બાળકો માધ્યમિક શિક્ષણથી વંચિત રહે તેવી સંભાવના છે.<br>➢ અછાલા- છારીયા ગામના સરપંચશ્રીઓએ સદર ગામથી ૮ કિ.મીના વિસ્તારમાં અન્ય કોઇ માધ્યમિક શાળા આવેલ નથી.<br>➢ દુરની માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને જવા-આવતા પૂરતા વાહન વ્યવહારની સગવડ નથી.<br>➢ સદર શાળા બંધ થાય તે વિદ્યાર્થીઓ ના વિશાળ શૈક્ષણિક હિત માટે વ્યાજબી નથી.<br>➢ ટ્રસ્ટે નવા બનાવેલ મકાનમાં જે અનિયમિતતાઓ |

| | |
|---|---|
| | અધૂરાશો છે તે આગામી ૩ થી ૬ માસમાં પૂર્ણ કરવાની તપાસ અધિકારી-ખેડાને બાંહેધરી આપેલ છે.<br>➢ જે ધ્યાને લઇ સદર શાળા-ટ્રસ્ટે નવા બનાવેલ મકાનમાં શાળા ચાલુ રાખવા અથવા શાળા સરકાર હસ્તક લેવા અથવા શાળા કોઇ અન્ય મંડળને તબદીલ કરવા લેખિતમાં અછાલા-છારીયાના સરપંચશ્રીઓએ તપાસ અધિકારીને રજુઆત કરેલ છે.<br>➢ અત્રેની કચેરીના તા.૧૯/૭/૨૦૧૭ના પત્ર ક્રમાંક મઉમશબ/શાનિ/જૂન-૧૭/૬૪૩૧ થી પંચમહાલ જિલ્લા સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ મુ.પો.સીમલીઆ, તા,ઘોઘંબા, જિ.પંચમહાલને તહોતનામુ બજાવેલ છે.<br>➢ નટવરસિંહ ખુમાણસિંહ ચૌહાણ પ્રમુખ પંચમહાલ જીલ્લા સર્વોદય એજયુકેશન ટ્રસ્ટના તા.૨૯/૭/૨૦૧૭ના પત્રથી શાળાની નોંધણી રદ કરવા અંગે તહોમતનામાનો જવાબ આપેલ છે.<br>➢ બોર્ડની તા.૦૯/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:-૧૩૧/૨૦૧૭ મુજબ કારોબારી સમિતિએ શાળાની ટ્રસ્ટના નામે મેદાન, મકાન, જમીન નિયમોનુસાર થાય ત્યારબાદ દરખાસ્ત રજૂ કરવા ઠરાવેલ હતું.<br>➢ અત્રેની કચેરીના તા.૧૮/૧૦/૨૦૧૭ના પત્ર ક્રમાંક:-મઉમશબ/શાનિ/જૂન-૧૭/૧૭૮૮૫-૮૬ થી શાળા મંડળને કારોબારી સમિતિના ઠરાવ મુજબ નિયમાનુસાર કાર્યવાહી કરી દરખાસ્ત રજૂ કરવા જણાવેલ હતું. જે આજદિન સુધી આવેલ નથી.<br>➢ અત્રેની કચેરીના તા.૧૦/૦૫/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-મઉમશબ/શાનિ/જૂન-૧૭/૧૪૯૫-૯૬ થી શાળા મંડળને કારણ દર્શક નોટીસ પાઠવેલ છે તેના અનુસંધાને પંચમહાલ જિલ્લા સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટે તા.૧૪/૦૫/૨૦૧૮ના રોજ કારણદર્શક નોટીસનો ખુલાસો આપેલ છે. તેના અનુસધાને અત્રેની કચેરીના તા.૧૯/૦૬/૨૦૧૮ના પત્ર મઉમશબ/શાનિ/જૂન-૧૭/૩૪૦૬-૦૭ થી ખુલાસો સંદર્ભે સ્પષ્ટતા કરવા જણાવેલ છે.<br>➢ તા.૨૯/૦૬/૨૦૧૮ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:-૩૪૪/૨૦૧૮ મુજબ શાળાની ટ્રસ્ટના નામે મેદાન મકાન એન.એ જમીન ૬૦ દિવસમાં |

| | |
|---|---|
| | નિયમોનુસાર થાય ત્યારબાદ દરખાસ્ત કરવા જણાવવામાં આવે છે. અને આ સમયમર્યાદામાં કાર્યપૂર્ણ ન થાય તો હવે કોઇ તક આપવામાં આવશે નહીં.<br>➢ ઉપરોકત ઠરાવની જાણ શાળા મંડળને અત્રેની કચેરીના તા.૨૩/૦૩/૨૦૧૮ના પત્રથી કરેલ હતી.<br>➢ પંચમહાલ જિલ્લા સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટના તા.૨૯/૦૮/૨૦૧૮ના પત્રથી જણાવે છે કે,<br>૧) હાલમાં જમીન મંડળના મંત્રીશ્રી રઘુવીરસિંહ નટવરસિંહ ચૌહાણના નામે ચાલે છે. સદર જમીન એન.એકરી મંડળના નામે કરવા ફાઇલ હવે અંતિમ તબકકામાં છે.<br>૨) હાલમાં ધો-૯ અને ધો-૧૦ ચાલે છે. જેથી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવામાં કોઇ મુશ્કેલી ન થાય તેમ અમોને કન્ડીશન ઉપર શાળાની નોંધણી કરવા વિનતી છે.<br>૩) સો ટકા આદિવાસી અને ડુંગરાળ વિસ્તારની શાળા છે. તો ગરીબ આદિવાસી બાળકોના હિતમાં યોગ્ય કરવા શાળા મંડળે વિનંતી કરેલ છે.<br>- સદર ગ્રાન્ટેડ શાળાની ધો-૯ની નોંધણી થયેલ નથી. તેમ છતાં ધો-૯ અને ધો-૧૦ના વર્ગો શાળા ચલાવે છે.<br>- ધો-૧૦ના પરીક્ષા ફોર્મ ભરવામાં મુશ્કેલી ન થાય તે માટે કન્ડીશન ઉપર શાળાઓની નોંધણી કરવા બાબતે માન.અધ્યક્ષશ્રીએ બાબત શકય નથી તેમ નોંધમાં જણાવેલ છે.<br>કારોબારીમાં જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રીએ જણાવેલ કે મકાન સંપૂર્ણ બાંધકામ થયેલ છે, પ્રયોગશાળા ઉપલબ્ધ નથી, કુલ-૮ રૂમ છે. શાળા મંડળના પ્રતિનિધિશ્રીએ જણાવેલ કે તા.૧૬/૧૦/૨૦૧૮ સુધીમાં **N.A.** નો હુકમ આવશે. અને તે જિ.શિ.અ.શ્રીની કચેરીમાં આપવાનો રહેશે. જિ.શિ.અ.શ્રીએ તે હુકમના આધારે ટ્રસ્ટના નામે મેદાન મકાન, **N.A.** જમીન, ઈન્ફ્રાસ્ટ્રકચરના આધારો, શાળાના ફોટા સાથેનો અહેવાલ આવ્યા બાદ કારોબારીમાં મુકી નિર્ણય કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. ધો-૧૦ ના વિદ્યાર્થીઓના ફોર્મ અન્ય શાળામાંથી ભરાય તેવી વ્યવસ્થા જિ.શિ.અ.શ્રીએ કરવાની રહેશે. |

<table>
<tr><th>બાબત ક્રમાંક : ૪૩૧/૨૦૧૮</th><th>ઠરાવ ક્રમાંક :૪૩૧/૨૦૧૮</th></tr>
<tr><td>ઉત્સર્જન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એલ. પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ (અંગ્રેજી માધ્યમ), ટી.પી. ૧૦, ગૌરવ પથ રોડ, પાલ, સુરતની નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાનો વહીવટ ફેરફાર કરવા બાબત.</td><td>ઉત્સર્જન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એલ. પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ (અંગ્રેજી માધ્યમ), ટી.પી. ૧૦, ગૌરવ પથ રોડ, પાલ, સુરતની નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાનો વહીવટ ફેરફાર કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા ઉત્સર્જન એજ્યુ. ટ્રસ્ટના પ્રતિનિધિશ્રી શ્રી પ્રશાંતભાઈ એન. ત્રિવેદી અને શ્રીમતી વી. એમ. સવાણી એજ્યુ. ટ્રસ્ટના પ્રતિનિધિશ્રી વિનોદભાઈ બી. ગોળકીયા તથા જિ.શિ.અ.શ્રી સુરતના પ્રતિનિધિશ્રી સી. એચ. વસાવા – AEI હાજર રહ્યા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા. સ્ટાફ અને અગાઉના મંડળની આર્થિક જવાબદારી સ્વીકારવા નવું મંડળ સહમત થતા નીચે પ્રમાણે કારોબારી સમિતિમાં નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાનો વહીવટ ફેરફારની મંજુરી આપવાનું ઠરાવવામાં આવ્યું.<br>
<table>
<tr><th><u>જુનુ ટ્રસ્ટ</u></th><th><u>નવું ટ્રસ્ટ</u></th></tr>
<tr><td>ઉત્સર્જન એજ્યુકેશન ટ્રસ્ટ, એલ.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ, ટી.પી. ૧૦, ગૌરવ પથ રોડ, પાલ, સુરત - ૩૯૪ ૫૧૦</td><td>શ્રીમતી વી. એમ. સવાણી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, એલ.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કુલ, ટી.પી. ૧૦, ગૌરવ પથ રોડ, પાલ, સુરત – ૩૯૪ ૫૧૦</td></tr>
</table></td></tr>
<tr><th>બાબત ક્રમાંક : ૪૩૨/૨૦૧૮</th><th>ઠરાવ ક્રમાંક : ૪૩૨/૨૦૧૮</th></tr>
<tr><td>શાહ કંચનબેન બી. કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સૂચિત સંચાલિત ધી એચ. બી. કાપડીયા ન્યુ હાઈસ્કુલ, મુ.છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઈ.ડી.નં.G/17/749) ધો-૯ ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર (મંજૂરી પત્ર) રદ કરવા બાબત.</td><td>શાહ કંચનબેન બી. કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સૂચિત સંચાલિત ધી એચ. બી. કાપડીયા ન્યુ હાઈસ્કુલ, મુ.છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઈ.ડી.નં.G/17/749) ધો-૯ ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર (મંજૂરી પત્ર) રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી ગેરહાજર રહ્યા હતા. જ્યારે જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી બી. બી. ગઢવી – E.I. હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>શાહ કંચનબેન બી.કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ મુ.અમદાવાદ જિ.અમદાવાદ સુચિત સંચાલિત ધી એચ.બી.કાપડીયા ન્યુ હાઇસ્કૂલ મુ.છત્રાલ તા.કલોલ</td></tr>
</table>

| | |
|---|---|
| | જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઇ.ડી..ક્રમાંક:-૭૪૯) ધો-૯ ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર(મંજૂરી પત્ર) રદ કરવા બાબતની વિગત નીચે મુજબ છે.<br>- બોર્ડની તા.૧૩,૧૪,૧૫/૦૬/૨૦૧૭ અને તા.૧૭/૦૬/૨૦૧૭ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:-૮૩/૨૦૧૭ અન્વયે અત્રેની કચેરીના તા.૨૯/૦૬/૨૦૧૭ના સંદર્ભ પત્રથી નોંધણી કરાવી લેવાના આધારો દિન-૩૦માં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે પ્રમાણિત કરાવી રજૂ કરવા જણાવેલ હતું.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગર તેમના તા.૧૦/૦૯/૨૦૧૮ના સંદર્ભ પત્રથી નીચેના કારણોસર ઉકત શાળાની નોંધણી અંગેની દરખાસ્ત દફતરે કરવા જણાવેલ છે.<br>- શાળા મંડળે તેમના તા.૨૩/૦૮/૨૦૧૮ના સંદર્ભ પત્રથી જૂન-૨૦૧૭ થી આ શાળા શરૂ કરવામાં આવી નથી. તેમજ આ શાળા શરૂ કરવાનું વિચારણામાં ન હોય દરખાસ્ત દફતરે કરવા જણાવેલ છે.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરે તેમના તા.૧૦/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-ગધન/ધ-૧/૧૮-૧૯/૬૬૦૦-૬૦૧ના પત્રથી શાળા મંડળની રજૂઆત મુજબ શાળા શરૂ કરવાનું વિચારણામાં ન હોય દરખાસ્ત દફતરે કરવા જણાવેલ.<br>શાળા મંડળની શાળાની દરખાસ્ત દફતરે કરવાની રજૂઆત તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરના તા.૧૦/૦૯/૨૦૧૮ના અભિપ્રાયને ધ્યાને લઈ સદર શાળાની ધો-૯, ગુજરાતી માધ્યમની કામચલાઉ મંજૂરી રદ કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૩૩/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૩/૨૦૧૮** |
| શાહ કંચનબેન બી. કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સૂચિત સંચાલિત ધી એચ. બી. કાપડીયા ન્યુ હાયર સેકન્ડરી સ્કુલ, મુ.છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઈ.ડી.નં.H/17/338) ધો-૧૧ સામાન્ય પ્રવાહ, ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી | શાહ કંચનબેન બી. કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સૂચિત સંચાલિત ધી એચ. બી. કાપડીયા ન્યુ હાયર સેકન્ડરી સ્કુલ, મુ.છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઈ.ડી.નં.H/17/338) ધો-૧૧ સામાન્ય પ્રવાહ, ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી |

| | |
|---|---|
| લેવાનો પત્ર (મંજૂરી પત્ર) રદ કરવા બાબત. | લેવાનો પત્ર (મંજૂરી પત્ર) રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી ગેરહાજર રહ્યા હતા. જ્યારે જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી બી. બી. ગઢવી – **E.I.** હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>શાહ કંચનબેન બી.કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ મુ.અમદાવાદ જિ.અમદાવાદ સુચિત સંચાલિત ધી એચ.બી.કાપડીયા ન્યુ હાઇસ્કૂલ મુ.છત્રાલ તા.કલોલ જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઇ.ડી..ક્રમાંકઃ- **H/17/338**) ધો-૧૧ સામાન્ય પ્રવાહ, ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર(મંજૂરી પત્ર) રદ કરવા બાબતની વિગત નીચે મુજબ છે.<br>- બોર્ડની તા.૧૩,૧૪,૧૫/૦૬/૨૦૧૭ અને તા.૧૭/૦૬/૨૦૧૭ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંકઃ-૮૩/૨૦૧૭ અન્વયે અત્રેની કચેરીના તા.૨૯/૦૬/૨૦૧૭ના સંદર્ભ પત્રથી નોંધણી કરાવી લેવાના આધારો દિન-૩૦માં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે પ્રમાણિત કરાવી રજૂ કરવા જણાવેલ હતું.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગર તેમના તા.૧૧/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ_ગધન/ધ-૧/૨૦૧૮-૧૯/૬૬૦૨-૬૦૩ સંદર્ભ પત્રથી નીચેના કારણોસર ઉકત શાળાની નોંધણી અંગેની દરખાસ્ત દફતરે કરવા જણાવેલ છે.<br>- શાળા મંડળે તેમના તા.૨૩/૦૮/૨૦૧૮ના સંદર્ભ પત્રથી જૂન-૨૦૧૭ થી આ શાળા શરૂ કરવામાં આવી નથી. તેમજ આ શાળા શરૂ કરવાનું વિચારણામાં ન હોય દરખાસ્ત દફતરે કરવા જણાવેલ છે.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરે તેમના તા.૧૧/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ-ગધન/ધ-૧/૧૮-૧૯/૬૫૭૦-૭૧ના પત્રથી શાળા મંડળની રજૂઆત મુજબ શાળા શરૂ કરવાનું વિચારણામાં ન હોય દરખાસ્ત દફતરે કરવા જણાવેલ.<br>શાળા મંડળની શાળાની દરખાસ્ત દફતરે કરવાની રજૂઆત તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરના તા.૧૦/૦૯/૨૦૧૮ના અભિપ્રાયને ધ્યાને લઈ સદર |

| | |
|---|---|
| | શાળાની ધો-૧૧, સામાન્ય પ્રવાહ, ગુજરાતી માધ્યમની કામચલાઉ મંજૂરી રદ કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૩૪/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૪/૨૦૧૮** |
| શાહ કંચનબેન બી. કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સૂચિત સંચાલિત ધી એચ. બી. કાપડીયા ન્યુ હાયર સેકન્ડરી સ્કુલ, મુ.છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઈ.ડી.નં.H/17/343) ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ, ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર (મંજૂરી પત્ર) રદ કરવા બાબત. | શાહ કંચનબેન બી. કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સૂચિત સંચાલિત ધી એચ. બી. કાપડીયા ન્યુ હાયર સેકન્ડરી સ્કુલ, મુ.છત્રાલ, તા.કલોલ, જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઈ.ડી.નં.H/17/343) ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ, ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર (મંજૂરી પત્ર) રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી ગેરહાજર રહ્યા હતા. જ્યારે જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી બી. બી. ગઢવી – **E.I.** હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>શાહ કંચનબેન બી.કડીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ મુ.અમદાવાદ જિ.અમદાવાદ સુચિત સંચાલિત ધી એચ.બી.કાપડીયા ન્યુ હાઇસ્કૂલ મુ.છત્રાલ તા.કલોલ જિ.ગાંધીનગરની જૂન-૨૦૧૭ થી ગ્રાન્ટ વિનાની (આઇ.ડી..ક્રમાંક:- **H/17/343**) ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ, ગુજરાતી માધ્યમનો કામચલાઉ નોંધણી કરાવી લેવાનો પત્ર(મંજૂરી પત્ર) રદ કરવા બાબતની વિગત નીચે મુજબ છે.<br>- બોર્ડની તા.૧૩,૧૪,૧૫/૦૬/૨૦૧૭ અને તા.૧૭/૦૬/૨૦૧૭ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:-૮૩/૨૦૧૭ અન્વયે અત્રેની કચેરીના તા.૨૯/૦૬/૨૦૧૭ના સંદર્ભ પત્રથી નોંધણી કરાવી લેવાના આધારો દિન-૩૦માં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે પ્રમાણિત કરાવી રજૂ કરવા જણાવેલ હતું.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગર તેમના તા.૧૦/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંક:_ગધન/ધ-૧/૨૦૧૮-૧૯/૬૬૦૨-૬૦૩ સંદર્ભ પત્રથી નીચેના કારણોસર ઉકત શાળાની નોંધણી અંગેની દરખાસ્ત દફતરે કરવા જણાવેલ છે.<br>- શાળા મંડળે તેમના તા.૨૩/૦૮/૨૦૧૮ના સંદર્ભ પત્રથી જૂન-૨૦૧૭ થી આ શાળા શરૂ કરવામાં આવી નથી. તેમજ આ શાળા શરૂ કરવાનું વિચારણામાં ન હોય દરખાસ્ત દફતરે કરવા |

| | |
|---|---|
| | જણાવેલ છે.<br>- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરે તેમના તા.૧૦/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંક:-ગધન/ધ-૧/૧૮-૧૯/૬૬૦૦-૬૦૧ના પત્રથી શાળા મંડળની રજૂઆત મુજબ શાળા શરૂ કરવાનું વિચારણામાં ન હોય દરખાસ્ત દફતરે કરવા જણાવેલ.<br>શાળા મંડળની શાળાની દરખાસ્ત દફતરે કરવાની રજૂઆત તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગરના તા.૧૦/૦૯/૨૦૧૮ના અભિપ્રાયને ધ્યાને લઈ સદર શાળાની ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ, ગુજરાતી માધ્યમની કામચલાઉ મંજૂરી રદ કરવાનું કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૩૫/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૫/૨૦૧૮** |
| અંધ અપંગ સહાયક સંઘ C/o વિકલાંગ હાઈસ્કુલ, મુ.તા.દહેગામ, જિ.ગાંધીનગરની શાળાને વિકલાંગ હાઈસ્કુલમાંથી સામાન્ય શાળામાં ફેરફાર કરવાની શાળાની માન્યતા રદ કરવા બાબત. | અંધ અપંગ સહાયક સંઘ C/o વિકલાંગ હાઇસ્કુલ મુ.દહેગામ જિ.ગાંધીનગરની શાળાને વિકલાંગ હાઇસ્કુલમાંથી સામાન્ય શાળામાં ફેરફાર કરવાની શાળાની માન્યતા રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનધિશ્રી આદરજીભાઈ પટેલ- પ્રમુખ, શંકરભાઈ એન. પટેલ – મંત્રી અને જયંતિભાઈ એમ. પટેલ – ટ્રસ્ટી તેમજ જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી એમ. એ. દેસાઈ – AEI હાજર રહ્યા હતા. તેઓને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>અંધ અપંગ સહાયક સંઘ C/o વિકલાંગ હાઇસ્કુલ મુ.દહેગામ જિ.ગાંધીનગરની શાળાને વિકલાંગ હાઇસ્કુલમાંથી સામાન્ય શાળામાં ફેરફાર કરવાની શાળાની માન્યતા રદ કરવાની શિક્ષણ વિભાગના તા.૧૨/૦૪/૨૦૧૮ના પત્રથી સદર શાળાની નીચે મુજબ વિગતો ધ્યાને આવેલ છે.<br>- વિકલાંગ હાઇસ્કુલને સામાન્ય શાળામાં ફેરફાર કરવાની દરખાસ્ત અત્રેની કચેરીના તા.૦૨/૦૫/૨૦૧૭ના પત્રથી શિક્ષણ વિભાગને જરૂરી કાર્યવાહી અંગે શાળા મંડળની અસલ દરખાસ્ત મોકલેલ હતી.<br>- શિક્ષણ વિભાગના તા.૧૨/૪/૨૦૧૮ના પત્રથી નીચેની બાબતો ધ્યાને આવેલ છે.<br>- પ્રસ્તુત શાળામાં હાલમાં કોઇ વિકલાંગ વિદ્યાર્થી નથી તેમજ શાળામાં ધોરણ-૯ તેમજ ધોરણ-૧૦માં નિયત ધોરણો કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ખુબજ ઓછી છે. |

| | |
|---|---|
| | - શાળાનું છેલ્લા છ વર્ષનું પરિણામ ખુબજ નબળુ છે.<br>- શાળાનું મકાન દહેગામ રખિયાલ હાઇવે રોડ પર અને શોપીંગ સેન્ટરમાં આવેલ હોય વિદ્યાર્થીઓની સલામતી માટે જોખમરૂપ છે.<br>- શાળામાં ભૌતિક સુવિધાઓનો અભાવ છે તથા રમતગમતના મેદાનની પણ સગવડ નથી.<br>આમ ઉપરની તમામ બાબતોને ધ્યાને લેતા વિકલાંગ હાઇસ્કુલ, દહેગામ, જિ.ગાંધીનગરની પ્રવાહ ફેરફાર કરવાની દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવે છે સાથોસાથ આ શાળાની નોંધણી અને માન્યતા રદ કરવાનો નિર્ણય શિક્ષણ વિભાગે કરેલ છે.<br>શિક્ષણ વિભાગના તા.૧૨/૦૪/૨૦૧૮ ના અભિપ્રાય મુજબ અને રૂબરૂ સુનાવણીના અંતે સદર ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની નોંધણી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. શાળાનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી નિયત કરે તે શાળામાં નિભાવવાનો રહેશે અને તેની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે સંબંધિત શાળા દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત કરવાની રહેશે. તેમજ અન્ય શાળાઓને પણ ઉક્ત વિગતની જાણ કરવી. |
| **બાબત ક્રમાંક : ૪૩૬/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૬/૨૦૧૮** |
| અમીનાબા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મુ.ચલા વાપી જિ.વલસાડ સંચાલિત બુનમેક્સ હા.સે.સ્કુલ વિજ્ઞાનપ્રવાહ અંગ્રેજી માધ્યમ ઉ.મા શાળાની નોંધણી રદ કરવા બાબત. | અમીનાબા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મુ.ચલા વાપી જિ.વલસાડ સંચાલિત બુનમેક્સ હા.સે.સ્કુલ વિજ્ઞાનપ્રવાહ અંગ્રેજી માધ્યમ ઉ.મા શાળાની નોંધણી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી કુ. દિલશાદ આર. મેડાવ- ટ્રસ્ટી અને શ્રીમતી તૃપ્તી બી પાધ્યા – આચાર્ય હાજર રહ્યા હતા.<br>અમીનાબા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મુ.ચલા વાપી જિ.વલસાડ સંચાલિત બુનમેક્સ હા.સે.સ્કુલ વિજ્ઞાનપ્રવાહ અંગ્રેજી માધ્યમ ઉ.મા શાળાની નોંધણી રદ કરવા બાબતની વિગતો<br>→ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડ મારફતે તા.૧૯/૬/૨૦૧૮ના પત્રક્રમાંક પ્રા-૧/૨૦૧૮-૧૯/૬૯૬૩-૬૪ના સંદર્ભપત્રથી ધો-૧૧નો વર્ગ બંધ કરવાની દરખાસ્ત આધારો સાથે મળેલ છે, જેની વિગતો નીચે મુજબ છે<br>→ બોર્ડની તા/.૩૦/૫/૨૦૧૧ અને ૧,૩,૪/૬/૨૦૧૧ની કારોબારી સમિતિના ઠરાવક્રમાંક ૨૨૬/૨૦૧૧ |

| | |
|---|---|
| | અન્વયે બોર્ડના તા.૪/૬/૨૦૧૧ના સંદર્ભ પત્રથી કામચલાઉ ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ અંગ્રેજી માધ્યમની મંજુરી આપવામાં આવી હતી.<br>→ ઉમા શાળા ધો-૧૧ ગ્રાન્ટ વિનાની શાળા છે<br>→ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડના તા.૨૦/૬/૨૦૧૧ના સંદર્ભપત્રથી ધો-૧૧ની ગ્રાંટ વિનાની વિજ્ઞાનપ્રવાહ અંગ્રેજી માધ્યમની નોંધણી અંગેના આધારો પ્રમાણિત કરાવી રજુ કરતાં અત્રેની કચેરીના તા.૧૮/૧૨/૨૦૧૨ના સંદર્ભપત્રથી નોંધણી કરવામાં આવી હતી.<br>→ શાળા મંડળે તા.૧૨/૬/૨૦૧૮ના ઠરાવ નં.૨૫/૨થી જુન-૨૦૧૮ ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ અંગ્રેજી માધ્યમ બંધ કરવાનો ઠરાવ રજુ કરેલ છે.<br>→ શાળા મંડળના ઠરાવ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સદર શાળાના ધો-૧૧નો વર્ગ બંધ કરવાની દરખાસ્ત આધારો સાથે આગળની કાર્યવાહી અર્થે મોકલી આપેલ છે<br>શાળા મંડળે તેમના તા.૧૩/૬/૨૦૧૮ના પત્રથી જણાવ્યા અનુસાર વર્ષ-૨૦૧૭માં ધો-૧૧માં માત્ર ૨૦ વિદ્યાર્થી સંખ્યા હતી ચાલુ વર્ષે વિદ્યાર્થીની સંખ્યા માત્ર ૦૭ હોવાથી વર્ગ બંધ કરવા રજુઆત કરેલ છે.<br>કારોબારી સમિતિમાં ઉક્ત ચર્ચા વિચારણાને અંતે ધો-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહ – અંગ્રેજી માધ્યમ રદ કરવાનું અને એચ. એસ. સી. વિજ્ઞાન પ્રવાહનો ઈન્ડેક્ષ નંબર **16.168 (B)** રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૩૭/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૭/૨૦૧૮** |
| જુન-૨૦૧૮ ના ધો-૯ થી ૧૨ ના વર્ગ વધારા મંજૂર કરવા માટે વિદ્યાર્થી સંખ્યા નક્કી કરવા બાબત. | જુન-૨૦૧૮ ના ધો-૯ થી ૧૨ ના વર્ગ વધારા મંજૂર કરવા માટે વિદ્યાર્થી સંખ્યા નક્કી કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા જુન-૨૦૧૮ માટે ધો-૯ થી ૧૨ ના વર્ગ વધારાની અરજીઓ નોનગ્રાન્ટેડ શાળાઓની મંગાવેલ છે.<br>* શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૦૬/ ૨૧૩૮/ગ.૧, તા.૦૮/૦૩/૨૦૧૧ મુજબ ગ્રાન્ટેડ શાળાના વર્ગ વધારા માટે શહેરી વિસ્તારની શાળા માટે ૩૬ વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારની શાળા માટે ૨૪ વિદ્યાર્થીનું ધોરણ છે.<br>* નોન ગ્રાન્ટેડ શાળાના વર્ગ વધારા મંજૂર કરવા માટે કેટલા વિદ્યાર્થીઓની સંખ્યા રાખવી તે નક્કી કરવા |

| | |
|---|---|
| | કારોબારી સમિતિમાં રજુ કરતા ૧૮ વિદ્યાર્થી સંખ્યા સુધી વર્ગ વધારા આપવા અને તેનાથી ઓછી સંખ્યા માટે માન.અધ્યક્ષશ્રી દ્વારા જરૂરીયાતના કિસ્સામાં નિર્ણય કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૩૮/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૮/૨૦૧૮** |
| વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.કે.સ્કુલ, પાટણ જૂન-૨૦૧૮ ના બદલે જૂન-૨૦૧૯ થી મકાન સ્થળ ફેરફાર કરવા બાબત. | વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ.કે.સ્કુલ, પાટણ જૂન-૨૦૧૮ ના બદલે જૂન-૨૦૧૯ થી મકાન સ્થળ ફેરફાર કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા ન હતા. જ્યારે જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી જે. ડી. જોષી – E.I. હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br><br>વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ. કે. સ્કુલ, પાટણની મકાન સ્થળ ફેરફાર બાબતે તા.૧૬/૨/૨૦૧૮ કારોબારી સમિતિની તા.૧૬/૨/૨૦૧૮ ઠરાવ ક્રમાંક: ૨૩૨/૨૦૧૮થી હાલ આ જગ્યાએ શાળા ચાલુ રાખવાનું ઠરાવ્યું જુન-૨૦૧૮થી મૂળ જગ્યાએ (માતરવાડી) સ્થળ ફેરફાર કરવાનો રહેશે. નિયત ફી હાલ ભરવાની રહેશે,તેમ કારોબારી સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ હતુ.<br>સદર શાળા મંડળના તા.૦૧/૦૮/૨૦૧૮ના પત્રથી જુન-૨૦૧૮થી એમ.કે.સ્કુલ મૂળ જગ્યાએ જવાનો ઠરાવ હકીકતમાં મારી કારોબારીમાં હાજરી હતી અને જુન-૨૦૧૯ થી ટ્રાન્સફર કરવાની હતી. જે કારોબારીમાં મારી હાજરીમાં થયેલ નિર્ણય બાદ બોર્ડ બાદ બોર્ડ દ્વારા પાછળથી મનસ્વી રીતે નિર્ણય બદલેલ અને પછી ૨૦૧૮ કરેલ છે.જે બાબત યોગ્ય નથી આ બાબતનો પત્ર પણ અમોએ પ્રાથમિક શિક્ષણ બોર્ડ ના અનુસંધાનીત પત્ર થી ખુલાસો કરેલ છે. જેથી જુન-૨૦૧૮ થી સ્થળ ફેરફારને વર્ષ-૨૦૧૮માં ટ્રાન્સફર કરવાના બોર્ડના નિર્ણય ને પાછળથી ઠરાવમાં ચેડા થયેલ છે, આમ ઠરાવમાં ફેરફાર કરવો એ બોર્ડના કારોબારી સભ્યો/સત્તાધીશો સામે CRPC મુજબ ગુનાને પાત્ર છે.જેની ગંભાર નોંધ લેશો.<br>બી. સરદાર પટેલ કોમ્પ્લેક્ષમાં એમ.કે. સ્કુલ ચાલે છે જેની માન્યતા વર્ષ-૨૦૦૨થી છે અને હાલમાં ચાલુ છે, જય અંબે સ્કુલ, નામની કોઇ સ્કુલ બી સરદાર |

| | |
|---|---|
| | પટેલ કોમ્પ્લેક્ષમાં ચાલતી નથી, જેની નોંધ લેશો, હોર્ડિંગ લગાવવાથી જે તે સ્કુલને માન્યતા કે કોઇ પણ પ્રકારની કાયદેસરતા પ્રાપ્ત થતી નથી, જેની ગંભીર નોંધ લેશો.<br>કારોબારી સમિતિમાં શાળા મંડળના પ્રતિનિધિ હાજર રહ્યા ન હતા. આથી આગામી કારોબારીમાં શાળા મંડળને છેલ્લી તક આપવી અન્યથા કારોબારી સમિતિ જે નિર્ણય લે તે માન્ય ગણવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૩૯/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૩૯/૨૦૧૮** |
| એકલવ્ય એજ્યુક્શન ટ્રસ્ટ, પાટણ સંચાલિત એકલવ્ય સ્કુલ ઓફ સાયન્સ, તા.રાધનપુર, જિ.પાટણની ગ્રાન્ટ વિનાની ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી રદ કરવા બાબત. | એકલવ્ય એજ્યુક્શન ટ્રસ્ટ, પાટણ સંચાલિત એકલવ્ય સ્કુલ ઓફ સાયન્સ, તા.રાધનપુર, જિ.પાટણની ગ્રાન્ટ વિનાની ઉચ્ચતર માધ્યમિક શાળાની નોંધણી રદ કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા શાળા મંડળના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા ન હતા. જ્યારે જિ.શિ.અ.શ્રીના પ્રતિનિધિશ્રી જે. ડી. જોષી – E.I. હાજર રહ્યા હતા. તેમને રૂબરૂ સાંભળવામાં આવ્યા.<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાટણના તા.૨૫/૦૭/૨૦૧૮ના પત્ર ક્રમાંક ક-૪/૬૫૬૦૧-૬૦૬ નોન-ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળા એકલવ્ય સ્કૂલ ઓફ સાયન્સ તા.રાધનપુર જિ.પાટણે તેમની શાળા જૂન-૨૦૧૮ થી ખાતાના કોઇપણ પ્રકારની પૂર્વ મંજૂરી સિવાય બંધ કરેલ છે. તથા વિદ્યાર્થીઓના એલ.સી તથા ગુણપત્રકો પણ આપવામાં આવેલ નથી. જે અતિ ગંભીર બાબત છે. અને વિદ્યાર્થીની ભાવિ કારકિર્દી સાથે ચેડા કર્યા સમાન છે.<br>ગુ. મા. અને ઉ. મા. શિ. અધિનિયમ - ૧૯૭૨ના પ્રકરણ-૭ની કલમ-૭૭ મુજબ કોઇપણ સંચાલકશ્રી શૈક્ષણિક વર્ષ દરમ્યાન કોઇપણ સમયે અને જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યુ હોય તે તારીખથી ઓછામાં ઓછા (૬) મહિના અગાઉ તેમ કરવાના પોતાના ઇરાદાની બોર્ડને લેખિત નોટીસ આપ્યા વિના તે શાળા બંધ કરી શકે નહી. તેવી જોગવાઇ હોવા છતાં શાળા સંચાલકે સદર જોગવાઇનું ઉલંઘન કરેલ છે જેથી જે તે વિદ્યાર્થીઓને તેનું એલ.સી તથા ગુણપત્રક સમયમર્યાદામાં આપી શકાય અને વિદ્યાર્થીઓની ભાવી શૈક્ષણિક કારકિર્દીને ધ્યાનમાં રાખી સદર સંસ્થાનું શૈક્ષણિક રેકર્ડ જપ્ત કરી શાળા સંચાલક સામે પોલીસ |

| | |
|---|---|
| | ફરીયાદ નોંધાવવા અને જેતે વિદ્યાર્થીઓને પોતાના દસ્તાવેજ તેમની રૂબરૂ આપવા જણાવવામાં આવે છે.<br>શાળા સંચાલક મંડળે તા.૨૬/૦૭/૨૦૧૮ના પત્રથી વિદ્યાર્થી ન મળતા શાળા બંધ કરવા નિર્ણય લીધેલ છે.<br>જિ.શિ.અ.શ્રી પાટણના અભિપ્રાય મુજબ અને રૂબરૂ સુનાવણીના અંતે સદર નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની નોંધણી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. શાળાનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધિકારી નિયત કરે તે શાળામાં નિભાવવાનો રહેશે અને તેની જાણ વિદ્યાર્થીઓને થાય તે માટે સંબંધિત શાળા દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત કરવાની રહેશે. તેમજ અન્ય શાળાઓને પણ ઉક્ત વિગતની જાણ કરવી. |
| **બાબત ક્રમાંક : ૪૪૦/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૦/૨૦૧૮** |
| ઈ-ટેન્ડર નંબર : ૧૮/ખાખી સ્ટીકર/૨૦૧૮ વિવિધ પ્રકારના કવર, ફાઈલો, ખાખી સ્ટીકર તેમજ પેપર આઈટમો અંગેનું ટેન્ડર આખરી કરવા બાબત. | ઈ-ટેન્ડર નંબર : ૧૮/ખાખી સ્ટીકર/૨૦૧૮ વિવિધ પ્રકારના કવર, ફાઈલો, ખાખી સ્ટીકર તેમજ પેપર આઈટમો અંગેનું ટેન્ડર આખરી કરવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરવામાં આવી.<br>જેમાં ઇ-ટેન્ડર:૧૮/ખાખી સ્ટીકર/૨૦૧૮ની જાહેરાતમાં જણાવ્યા અનુસાર તા.૧૮/૮/૨૦૧૮ ના રોજ ૧૧.૩૦કલાકે ટેન્ડર ઓપનીંગ કમ ઇવેલ્યુએશન કમીટીની બેઠક મળેલ હતી.<br>ટેન્ડરની નિયત સમય મર્યાદામાં નીચે મુજબના બીડરો દ્વારા બીડ ભરવામાં આવેલ હતા.<br>1. શ્રી પટેલ એન્ટરપ્રાઇઝ, ગાંધીનગર<br>2. સ્ટુડન્ટ સ્ટેશનર્સ, ગાંધીનગર<br>3. જય પ્રિન્ટર્સ, મહેસાણા<br>4. દીપ ઓફસેટ, પાટણ<br>5. બિંદીયા એન્ટરપ્રાઇઝ, ખેડા<br>6. ગ્રાફીક્સ પ્રિન્ટર્સ, આણંદ<br>7. ઇમ્પ્રિન્ટ ટ્રેડર્સ, અમદાવાદ<br>કમિટી દ્વારા ક્રમશ: ઉપરોક્ત બીડરોની રૂબરૂમાં ટેક્નીકલ બીડ ખોલતાં નમૂનાની ચકાસણી કરતા નીચે પ્રમાણે પરિસ્થિતિ છે.<br>1. <u>શ્રી પટેલ એન્ટરપ્રાઇઝ, ગાંધીનગર</u><br>બીડરનું ટેક્નીકલ બીડ ખોલતાં માંગ્યા મુજબના તમામ દસ્તાવેજો રજૂ કરેલ છે.<br>નમૂના : લેઝર પેપર પ્રિન્ટેડ કવરના નમૂનામાં 16 X 12 ના Flap 2.1/2 ની જગ્યાએ 2" નો Flap છે |

| | |
|---|---|
| | બાકીના તમામ નમૂના યોગ્ય જણાય છે.<br>શ્રી પટેલ એન્ટરપ્રાઇઝ જે આઇટમના નમૂનામાં ક્વૉલીફાઇડ હતા તે આઇટમનુ ફાયનાન્સિયલ બીડ ખોલતાં તેઓ ૨૪ આઇટમના ભાવમાં L-1 હતા જે પાન નં.૧૪૫ થી ૧૪૭ ઉપર સામેલ છે. તેઓ સાથે માન.અધ્યક્ષશ્રીની રૂબરૂમાં તા.૪/૯/૨૦૧૮ના રોજ નેગોશિયેશન કરતા ૨૦ આઇટમના ભાવ નેગોશિયેશન બાદ મંજુર કરવામાં આવેલ છે જે પાન નં. ૧૪૫ થી ૧૪૭ ઉપર સામેલ છે તેઓના જે આઇટમમાં ભાવ ૨૦% થી વધારે હતા તે ૪ આઇટમ હતી. જે પાન નં.૧૪૯ ઉપર સામેલ છે. જે મંજુર કરવામાં આવતી નથી.<br>2. <u>સ્ટુડન્ટ સ્ટેશનર્સ, ગાંધીનગર</u><br>ટેક્નીકલ બીડમાં માંગ્યા મુજબના તમામ દસ્તાવેજો રજૂ કરેલ છે.<br>નમૂના : ગમટેપ રોલના રજૂ કરેલ નમૂનામાં 830gms ની જગ્યાએ 696gms વજન છે. બાકીના તમામ નમૂના યોગ્ય જણાય છે.<br>સ્ટુડન્ટ સ્ટેશનર્સ, ગાંધીનગર જે આઇટમના નમૂનામાં ક્વૉલીફાઇડ હતા તે આઇટમનુ ફાયનાન્સિયલ બીડ ખોલતાં તેઓ ૬ આઇટમના ભાવમાં L-1 હતા જે પાન નં.---ઉપર સામેલ છે. તેઓ સાથે માન.અધ્યક્ષશ્રીની રૂબરૂમાં તા.૪/૯/૨૦૧૮ના રોજ નેગોશિયેશન કરતા ૬ આઇટમના ભાવ નેગોશિયેશન બાદ મંજુર કરવામાં આવેલ છે જે પાન નં.૧૫૧ ઉપર સામેલ છે.<br>3. <u>જય પ્રિન્ટર્સ, મહેસાણા</u><br>ટેકનીકલ બીડમાં માંગ્યા મુજબના તમામ દસ્તાવેજો રજૂ કરેલ છે.<br>નમૂના :<br>1. ખાખી સ્ટીકરનો નમૂનો રજૂ કરેલ નથી.<br>2. ક્લોથ બાઉન્ડ પ્રિન્ટેડ ક્રાફ્ટ કવરમાં 15 X 18 તથા 16 x 12 માં Flap 3" ની જગ્યાએ 2" નો Flap છે.<br>3. ક્લોથ બાઉન્ડ લેઝર પેપરમાં 15 X 18 કવરમાં Flap 3" ની જગ્યાએ 1" નો છે.<br>4. પ્રિન્ટેડ ક્રાફ્ટ કવરનો નમૂનો રજૂ કરેલ નથી.<br>જય પ્રિન્ટર્સ, મહેસાણા જે આઇટમના નમૂનામાં ક્વૉલીફાઇડ હતા તે આઇટમનુ ફાયનાન્સિયલ બીડ |

| | |
|---|---|
| | ખોલતાં તેઓ ૩ આઇટમના ભાવમાં L-1 હતા જે પાન નં.---- ઉપર સામેલ છે. તેઓ માન.અધ્યક્ષશ્રીની રૂબરૂમાં તા.૪/૯/૨૦૧૮ના રોજ નેગોશિયેશન કરવા બોલાવતા તેઓ હાજર રહેલ ન હતા પરંતુ તેઓએ હાલમાં ટેન્ડરમાં જે ભાવ ભરેલ છે તે બજાર ભાવ કરતાં પણ  નીચા છે આ ભાવથી નીચા ભાવ કરવાનુ અમને પોસય તેમ નથી તેમ જણાવેલ છે. પત્રની વિગતો ધ્યાને લેતાં તેઓની એક જ આઇટમના ભાવ મંજુર કરવામાં આવેલ છે. જે પાન નં.૧૫૩ ઉપર સામેલ છે. તેઓના જે આઇટમમાં ભાવ ૨૦% થી વધારે હતા તે ૨ આઇટમ હતી. જે પાન નં.૧૫૫ ઉપર સામેલ છે. જે મંજુર કરવામાં આવતી નથી.<br>4. <u>દીપ ઓફસેટ, પાટણ</u><br>ટેક્નીકલ બીડમાં માંગ્યા મુજબના તમામ દસ્તાવેજો રજૂ કરેલ છે<br>નમૂના :<br>1. કોરૂગેટેડ બોક્ષનો નમૂનો રજૂ કરેલ નથી.<br>2. ગમટેપ રોલનો નમૂનો રજૂ કરેલ નથી.<br>3. ઉતરવહી સીલ કરવાના સ્ટીકરનો નમૂનો રજૂ કરેલ નથી.<br>4. લેઝર પેપર પ્લાસ્ટીક કોટેડ ગમીંગ પ્રિન્ટેડ કવરના નમૂનામાં 16 X 12 માં Flap 2.1/2 ને બદલે 1 1/2" છે. 16 X 12 માં Flap 3.1/2 ને બદલે 2" નો છે. 16 X 12 (સાદા) માં Flap 2" ને બદલે 1 1/2" નો છે. 10 X 12નો Flap 2 1/2" ને બદલે 2" નો છે.<br>5. સિંગલ કલર પ્રિન્ટેડ કલર ફાઇલનો નમૂનો રજૂ કરેલ નથી.<br>6. સિંગલ કલર પ્રિન્ટેડ ક્લોથ બાઉન્ડ ફાઇલ કવરનો નમૂનો રજૂ કરેલ નથી<br>7. ફાઇલ બોર્ડ / કેશ બોર્ડમાં 10 X 12નો નમૂનો રજૂ કરેલ નથી.<br>દીપ ઓફસેટ, પાટણ જે આઇટમના નમૂનામાં ક્વૉલીફાઇડ હતા તે આઇટમનુ ફાયનાન્સિયલ બીડ ખોલતાં તેઓ ૧ આઇટમના ભાવમાં L-1 હતા જે પાન નં.૧૫૭ ઉપર સામેલ છે.આ ભાવ ગત ટેન્ડરના ભાવ કરતાં ઓછા હોઇ તેઓના ભાવ મંજુર કરવામાં આવેલ છે.<br>5. <u>બિંદીયા એન્ટરપ્રાઇઝ, ખેડા</u><br>ટેક્નીકલ બીડમાં માંગ્યા મુજબના તમામ |

દસ્તાવેજો રજૂ કરેલ છે

નમૂના :

1. કોપીયર પેપર (લીગલ સાઇઝ) નો નમૂનો રજૂ કરેલ નથી.
2. કાપડની થેલી 14 X 20 ના બદલે 13 X 20 છે.
3. ડુપ્લેક્ષ બોર્ડનો નમૂનો નિયત કર્યા મુજબનો નથી.
4. ગમટેપ રોલનો નમૂનો નિયત કર્યા મુજબનો નથી.
5. લોકીંગ સ્ટીકરનો નમૂનો રજૂ કરેલ નથી
6. પ્રિન્ટેડ ક્રાફ્ટ કવરમાં 12 X 17 નો નમૂનો નથી. તથા 12 x 17 માં Flap 2 1/2"નો નમૂનો નિયત કર્યા મુજબનો નથી
7. પ્રિન્ટેડ વિન્ડો કવર 10 X 12નો નમૂનો રજૂ કરેલ નથી.
8. ક્લોથ બાઉન્ડ પ્રિન્ટેડ ક્રાફ્ટ કવરમાં 13 X 18 તથા 16 x 12 નો Flap 3" ની જગ્યાએ 2" નો Flap છે.
9. ક્લોથ બાઉન્ડ લેઝર પેપર પ્રિન્ટેડ કવરમાં 15 X 18 નો નમૂનો રજૂ કરેલ નથી તથા 16 x 12 નો Flap 2 ½" ની જગ્યાએ 2" નો Flap છે. તેમજ 16 x 12 માં Flap 3 ½" ની જગ્યાએ 2 1/5" નો Flap છે.
10. પ્રિન્ટેડ પેપર કવર (સેલ્ફ ગમીંગ) માં 5 1/2 X 11" નો નમૂનો નિયત કર્યા મુજબનો નથી.
11. સિંગલ કલરમાં પ્રિન્ટેડ કલર ફાઇલમાં 10 X 14" નો નમૂનો નિયત કર્યા મુજબનો નથી.
12. સિંગલ કલર ફાઇલ વીથ ક્લોથ સ્ટ્રીપમાં 10 X 14" નો નમૂનો નિયત કર્યા મુજબનો નથી.
13. સિંગલ કલર ક્લોથ બાઉન્ડ ફાઇલ વીથ આઇસલેટમાં 10 X 14" નો નમૂનો નિયત કર્યા મુજબનો નથી.

બિંદીયા એન્ટરપ્રાઇઝ, ખેડા જે આઇટમના નમૂનામાં ક્વૉલીફાઇડ હતા તે આઇટમનુ ફાયનાન્સિયલ બીડ ખોલતાં તેઓ ૧ આઇટમના ભાવમાં L-1 હતા જે પાન નં.૧૫૯ ઉપર સામેલ છે. આ ભાવ ગત ટેન્ડરના ભાવ કરતાં ઓછા હોઇ તેઓના ભાવ મંજુર કરવામાં આવેલ છે.

6. <u>ગ્રાફીક્સ પ્રિન્ટર્સ, આણંદ</u>

નમૂના રજૂ કરેલ નથી તથા ટેન્ડર ફી અને EMDના ડી.ડી પણ સામેલ રાખેલ નથી.

7. <u>ઇમ્પ્રિન્ટ ટ્રેડર્સ, અમદાવાદ</u>

| | |
|---|---|
| | ઓનલાઇન ભાવો ભરેલ છે પણ ફીઝીકલ ટેક્નીકલ બીડ રજૂ કરેલ નથી. નમૂના પણ રજૂ કરેલ નથી તથા ટેન્ડર ફી અને EMDના ડી.ડી પણ સામેલ રાખેલ નથી.<br>ઉપરોક્ત બંન્ને બિડરો ટેક્નીકલ બીડમાં ક્વૉલીફાઇડ થતા ન હોઇ તેઓનુ ફાયનાન્સીયલ બીડ ખોલવામાં આવેલ નથી.<br>આમ ઉપર જણાવેલ આઇટમમાં તેઓના નામ સામે જણાવ્યા પ્રમાણે ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન પ્રમાણે સેમ્પલ રજૂ કરેલ છે તથા ટેક્નીકલ બીડમાં નીચે જણાવેલ બીડર ક્વૉલીફાઇડ થયેલ છે.<br>1. શ્રી પટેલ એન્ટરપ્રાઇઝ, ગાંધીનગર<br>2. સ્ટુડન્ટ સ્ટેશનર્સ, ગાંધીનગર<br>3. જય પ્રિન્ટર્સ, મહેસાણા<br>4. દીપ ઓફસેટ, પાટણ<br>5. બિંદીયા એન્ટરપ્રાઇઝ, ખેડા<br>આમ ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લેતાં જે બીડરે જે આઇટમોમાં સ્પેશીફીકેશન પ્રમાણે સેમ્પલ રજૂ કરેલ છે. તેનું કોમર્શીયલ બીડ ખોલવામાં આવેલ હતુ તેમજ જે આઇટમોમાં ભાવો વધુ જણાયેલ તેવી આઇટમોના ભાવો ઘટાડવા માન.અધ્યક્ષશ્રી દ્વારા તા.૪/૯/૨૦૧૮ ના રોજ નેગોશિયેશન રાખેલ તેમજ નેગોશિયેશનના અંતે L-1 ઇજારદારશ્રી 1. શ્રી પટેલ એન્ટરપ્રાઇઝ, ગાંધીનગરના પત્રક પાના નં.૧૪૫ થી ૧૪૭ ઉપર સામેલ છે. 2. સ્ટુડન્ટ સ્ટેશનર્સ, ગાંધીનગરના પત્રક પાના નં.૧૫૧ થી ----- ઉપર સામેલ છે. 3. જય પ્રિન્ટર્સ, મહેસાણાના પત્રક પાના નં ૧૫૫ ઉપર સામેલ છે. 4. દીપ ઓફસેટ, પાટણના પત્રક પાના નં ૧૫૭ ઉપર સામેલ છે. 5. બિંદીયા એન્ટરપ્રાઇઝ, ખેડાના પત્રક પાના નં.૧૫૯ ઉપર સામેલ છે.<br>સદર ટેન્ડર આખરી કરવા બોર્ડની નાણાં સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ અને મંજૂર કરવા ભલામણ કરેલ. ચર્ચા વિચારણાને અંતે ઉક્ત ટેન્ડર કારોબારી સમિતિમાં મંજુર કરવાનું ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૪૧/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૧ /૨૦૧૮** |
| ટેન્ડર નંબર:૧૯/૨૦૧૮ રીઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટર તૈયાર કરવા માટે આર્કીટેકની સેવા મેળવવા અંગેનુ આખરી કરવા | ટેન્ડર નંબર : ૧૯/૨૦૧૮ રીઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટર તૈયાર કરવા માટે આર્કીટેકની સેવા મેળવવા અંગેનું |

| | |
|---|---|
| તથા આ બિલ્ડીંગનુ બાંધકામ **R&B** મારફતે કરાવવા બાબત. | ટેન્ડર આખરી કરવાની બાબત કારોબારી સમિતિ રજુ કરવામાં આવી.<br>જેમાં ઇ - ટેન્ડર નંબર : ૧૯ / ૨૦૧૮ રીઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટર તૈયાર કરવા માટે આર્કીટેકની સેવા મેળવવા અંગેના ટેન્ડરમાં નિયત સમયમર્યાદામાં નીચે દર્શાવેલ બીડરો દ્વારા બીડ ભરવામાં આવેલ હતા.<br>**1.** જયેશ એ દલાલ, અમદાવાદ<br>**2.** પ્લાનીંગ સોલ્યુશન, વડોદરા<br>**3.** ધવલ એન્જીન્યરીંગ, ગાંધીનગર<br>**4.** વિશ્વકર્મા કન્સલ્ટન્સી, વડોદરા<br>**5.** કમલેશ પારેખ, રાજકોટ<br>**6.** મમતા શાહ એન્ડ એસોશીયેટ્સ, વડોદરા<br>**7.** વામ કન્સલ્ટન્સી, કાનપુર<br>ટેન્ડર ઓપનીંગ કમ ઇવેલ્યુએશન કમીટીની બેઠક તા.૧૮/૮/૨૦૧૮ના રોજ મળેલ હતી. જેમાં નીચેના બીડર હાજર રહેલ હતા.<br>**1.** સ્કારનેટ ડીઝાઇન, અમદાવાદ<br>**2.** સંકલ્પ આર્કીટેક્ચર, અમદાવાદ<br>ઉક્ત બંન્ને બીડરો દ્વારા તા.૧૩/૮/૨૦૧૮ના રોજ સ્પીડ પોસ્ટ થી પોસ્ટ કરેલ હતું. જે કવર ઉપરના પોસ્ટ ખાતાના સિક્કા ઉપરથી ફલિત થતુ હોઇ બંન્ને બીડરોના બીડ સ્વીકારવાનુ નક્કી કર્યું. ટેક્નીકલ બીડ કમીટીની રૂબરૂ ખોલવામાં આવ્યા તથા ટેન્ડરની શરતો પ્રમાણે દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી.<br>**1.** જયેશ એ દલાલ, અમદાવાદ<br>બિડર દ્વારા બીડ ભરેલ ન હતુ પરંતુ ટેન્ડર સંબંધિ માર્ગદર્શન માંગેલ હતુ.<br>**2.** પ્લાનીંગ સોલ્યુશન, વડોદરા<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>**3.** ધવલ એન્જીન્યરીંગ, ગાંધીનગર<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>**4.** વિશ્વકર્મા કન્સલ્ટન્સી, વડોદરા<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>**5.** કમલેશ પારેખ, રાજકોટ<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો |

| | |
|---|---|
| | રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>6. મમતા શાહ એન્ડ એસોશીયેટ્સ, વડોદરા<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>7. વામ કન્સલ્ટન્સી, કાનપુર<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>8. સ્કારનેટ ડીઝાઇન, અમદાવાદ<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>9. સંકલ્પ આર્કીટેક્ચર, અમદાવાદ<br>બિડર દ્વારા ટેન્ડરમાં માંગેલ તમામ દસ્તાવેજો રજૂ કરેલ હોઇ ટેક્નીકલ બીડમાં સફળ થાય છે.<br>આમ ઉપરોક્ત પૈકી ક્રમાંક : ૧ જયેશ એ દલાલ, અમદાવાદ ટેક્નીકલ બીડમાં અસફળ થયેલ છે. તેમજ તે સિવાયના નીચે જણાવેલ તમામ બીડરો ટેક્નીકલ બીડમાં સફળ થયેલ છે.<br>1. પ્લાનીંગ સોલ્યુશન, વડોદરા<br>2. વિશ્વકર્મા કન્સલ્ટન્સી, વડોદરા<br>3. ધવલ એન્જીન્યરીંગ, ગાંધીનગર<br>4. કમલેશ પારેખ, રાજકોટ<br>5. મમતા શાહ એન્ડ એસોશીયેટ્સ, વડોદરા<br>6. વામ કન્સલ્ટન્સી, કાનપુર<br>7. સ્કારનેટ ડીઝાઇન, અમદાવાદ<br>8. સંકલ્પ આર્કીટેક્ચર, અમદાવાદ<br>ઉપરોક્ત બીડરોના કોમર્શીયલ બીડ ખોલતાં ટેન્ડરમાં L-1 તરીકે સંકલ્પ આર્કીટેક્ચર, અમદાવાદ દ્વારા પ્રતિ ચો.મી રૂ.૭૮/- અને પ્રતિ વિઝિટના રૂ.૨૦૦/- લેખે ભાવ ભરેલ છે.<br>સદર ટેન્ડર આખરી કરવા બોર્ડની નાણાં સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ તેમજ ચર્ચા વિચારણાને અંતે ઉક્ત ટેન્ડર કારોબારી સમિતિમાં મંજુર કરવા તથા સદર બાંધકામ R&B વિભાગ મારફતે કરાવવાનું ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૪૨/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૨/૨૦૧૮** |
| શિક્ષણ વિભાગના તા.૧૨/૦૪/૨૦૧૮ ના પત્ર અન્વયે બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર | શિક્ષણ વિભાગના તા.૧૨/૦૪/૨૦૧૮ ના પત્ર અન્વયે બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક |

| | |
|---|---|
| માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ઉ.પ.ધો. માટે હિન્દીની પરીક્ષા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં યોગ્ય જોગવાઈ કરવા બાબત. | કર્મચારીઓને ઉ.પ.ધો. માટે હિન્દીની પરીક્ષા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં યોગ્ય જોગવાઈ કરવાની બાબત અંગે વિચારણા કરવામાં આવી.<br>ચર્ચા વિચારણાને અંતે પરિપત્રની ચકાસણી કર્યા બાદ શિક્ષણ વિભાગને જવાબ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૪૩/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૩/૨૦૧૮** |
| અન્ય રાજ્ય સરકાર, એમ્બેસી, પાસપોર્ટ ઓફીસ, પોલીસ સ્ટેશનમાંથી ગુનેગારોની માર્કશીટની વેરીફિકેશન ફી માફી કરવા બાબત. | અન્ય રાજ્ય સરકાર, એમ્બેસી, પાસપોર્ટ ઓફીસ, પોલીસ સ્ટેશનમાંથી ગુનેગારોની માર્કશીટની વેરીફિકેશન ફી માફી કરવાની બાબત કારોબારી સમિતિમાં રજૂ કરતા બોર્ડ ખાતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની વિદ્યાર્થી ની માર્કશીટનું વેરીફીકેશન કરવામાં આવે છે. જેની ખરાઇ ફી રૂ.૧૦૦/- અને પોસ્ટેજ ચાર્જ રૂ.૨૫/- લેવામાં આવે છે. ભારત સરકારના ડીફેન્સ સર્વિસ ફી મુક્તિ આપવામાં આવી છે. (ઠરાવ ક્રમાંક:૭૧૭/૨૦૦૬) અન્ય રાજ્યમાં વસતાં ગુજરાતી પરિવારોની જે તે સરકાર દ્વારા થતી ખરાઇ માટે એમ્બેસી - પાસપોર્ટ ઓફીસમાં પકડાયેલી ખોટી માર્કશીટ – પ્રમાણપત્ર તેમજ પોલીસ સ્ટેશનમાંથી ગુનેગારોની માર્કશીટ ખરાઇ વખતે ફી અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, તો આવા કેસોમાં ફી મુક્તિ આપવી કે કેમ તે નક્કી કરવાનું થાય. તથા પોલીસ સ્ટેશનમાં નવ નિયુક્ત થયેલા કર્મચારીના માર્કશીટ - પ્રમાણપત્ર ની ખરાઇ પણ વિના મૂલ્યે કરી આપવા આગ્રહ રાખવામાં આવે છે.<br>ઉક્ત બાબતે કારોબારી સમિતિએ ચર્ચા વિચારણાને અંતે સરકારી કચેરીમાંથી કોઈ વેરીફીકેશન માગે તો વિના મુલ્યે ખરાઈ કરાવી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| **બાબત ક્રમાંક : ૪૪૪/૨૦૧૮** | **ઠરાવ ક્રમાંક : ૪૪૪/૨૦૧૮** |
| ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ નાપાસ વિદ્યાર્થીઓના માઈગ્રેશન સર્ટીફિકેટ આપવા બાબત. | ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ નાપાસ વિદ્યાર્થીઓના માઈગ્રેશન સર્ટીફિકેટ આપવાની બાબત કારોબારી સમિતિમાં રજુ કરતા સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર ખાતે ધોરણ–૧૦ પાસનું માઈગ્રેશન સર્ટીફિકેટ ઈ શાખા %ારા આપવામાં આવે છે અને ધોરણ–૧૨ પાસનું માઈગ્રેશન સર્ટીફિકેટ 'ક – ૫' શાખા %ારા આપવામાં આવે છે. અત્રેની શાખામાં ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ નાપાસ વિદ્યાર્થીઓની માઈગ્રેશન સર્ટીફિકેટ મેળવવા અંગેની અર" આવેલ છે. કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૩૫૪/૨૦૧૮ તા.૨૯/૬/૨૦૧૮ અન્વયે જિલ્લા |

| | |
|---|---|
| | **શિક્ષણધિકારીશ્રીઓને**<br><br>**વિદ્યાર્થી પાસેથી કોઈપણ પ્રકારની ફી લીધા સિવાય માઈગ્રેશન સર્ટીફિકેટ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. પરંતુ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ નાપાસ વિદ્યાર્થીઓને માઈગ્રેશન સર્ટીફિકેટ આપવા, ફોર્મેટમાં જરૂરી ફેરફાર કરવા તથા ફીનું ધોરણ નકકી કરી નિર્ણય કરવા અર્થે** ચર્ચા વિચારણાને અંતે કારોબારી સમિતિએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ નાપાસના માઈગ્રેશનનો પરફોર્મા તૈયાર કરી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને સત્તા આપવી અને વિના મુલ્યે માઈગ્રેશન જિ.શિ.અ.શ્રીની કચેરી મારફત અને જો કોઈ ઉમેદવાર અત્રેની કચેરીમાં આવે તો તેવા ઉમેદવારોને વિદ્યાર્થી સેન્ટરમાંથી માઈગ્રેશન સર્ટીફીકેટ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ક્રમાંક/મઉમશબ/શા.નિ./કા.સ/કા.નોધ/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર–૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.

**<u>નકલ સવિનય રવાના :–</u>**

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં–૫, ૭ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

**<u>નકલ રવાના :–</u>**

૧: બોર્ડના તમામ સભ્યશ્રીઓ.
૨: ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા.
૩: સંયુકત સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા.
૪: કચેરીના તમામ વર્ગ–૧ તથા વર્ગ–૨ના અધિકારીશ્રીઓ.
૫: કચેરીના તમામ શાખાઓના વડા તરફ આપની શાખાના લગતા ઠરાવો સંબંધમાં આગળની કાર્યવાહી કરી "શા.નિ." શાખાને જાણ કરવા સારુ.

પત્રક - અ

ઠરાવ ક્રમાંક : ૪૨૭/૨૦૧૮ કારોબારી સમિતિ તા.૧૧/૧૦/૨૦૧૮

| પ્રસ્તાવ ક્રમાંક | સભ્યશ્રીનું નામ | પ્રસ્તાવની વિગત | કારોબારી સમિતિનો નિર્ણય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી શૈલેષ કે. પંચોલી | SSC પરીક્ષા કામગીરીના વિવિધ મહેનતાણા વધારવાની આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું. | સ્વીકાર |
| ૨ | શ્રી શૈલેષ કે. પંચોલી | ગુ.મા અને ઉ મા શિક્ષણ બોર્ડ SSC/HSC પરીક્ષામાં પરીક્ષાર્થીએ કરેલ ગેરરીતી માટે ખંડ નિરીક્ષક, સ્થળ સંચાલકો વગેરેને જિલ્લા DEO ઓફીસ અને ગાંધીનગર ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ઓફીસે હિયરીંગમાં નિવેદન લેવા બોલાવવામાં આવે છે તો તેઓની તે દરમ્યાનની શાળામાં ગેરહાજરીને ડી.એલ. (ફરજ પર ગણવા) આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું. | સ્વીકાર |
| ૩ | શ્રી શૈલેષ કે. પંચોલી | SSC/HSC જાહેર પરીક્ષાના ઓનલાઇન ફોર્મ ભરવા માટે અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઇન્ટરનેટની સુવિધા હોતી નથી. જેના કારણે શાળાઓએ બહાર ફોર્મ ભરાવવા પડે છે. તો ઓનલાઇન ફોર્મ ભરવાના પરીક્ષાર્થી દીઠ રૂ. ૧૦/-(દસ) લેખે શાળાઓને ચુકવવા આથી હું પ્રસ્તાવ રજુ કરૂં છું. | અસ્વીકાર |
| ૪ | શ્રી પટેલ કેતનકુમાર ચંદુભાઈ | જુલાઇ/ઓક્ટોમ્બર પરીક્ષા ભૂતકાળમાં બોર્ડ દ્વારા લેવાતી હતી આ પરીક્ષા પુનઃચાલુ કરી માર્ચમાં નાપાસ થયેલ વિદ્યાર્થી એક વધુ તક આપી આત્મહત્યાના પ્રશ્નો અટકાવી શકાય વિદ્યાર્થી સતત અભ્યાસમાં જોડાયેલ રહે ડ્રોપ આઉટ રેશિયો ઘટે (ધોરણ-૧૦/૧૨ બન્ને પ્રવાહ). તાલુકા કક્ષાએ આ પરીક્ષાનું આયોજન થઇ શકે. | અસ્વીકાર |
| ૫ | સોનારા પરસોત્તમભાઈ જેઠાલાલ | જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, હેડ ક્લાર્કને ઓ.એસ. અનુભવના (વહીવટી અનુભવ) આધારે આચાર્યની ભરતીમાં અનુભવ ગ્રાહ્ય રાખવા બાબત. શિક્ષણ નિરીક્ષણના અનુભવ અથવા ક્લાર્કનો વહીવટી અનુભવ ગ્રાહ્ય રાખવા બાબત. ૨૦૧૧ પહેલા ગ્રાહ્ય રાખવામાં આવતો હતો. | અસ્વીકાર |
| ૬ | ચૌધરી ભરતકુમાર મફતલાલ | રાજ્ય સરકારના પંચાયતી રાજ તથા સ્થાનિક સ્વરાજ્ય તથા સહકારી વિભાગમાં તમામ જગ્યાએ ચુંટાયેલ સભ્યોની મુદ્દત-૫(પાંચ વર્ષની) હોઇ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ચુંટાયેલ સભ્યોની મુદ્દત ત્રણ વર્ષના બદલે ૫ (પાંચ) વર્ષ કરવા નામદાર રાજ્ય સરકારને ભલામણ કરવા આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું | અસ્વીકાર |

| પ્રસ્તાવ ક્રમાંક | સભ્યશ્રીનું નામ | પ્રસ્તાવની વિગત | કારોબારી સમિતિનો નિર્ણય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૭ | ચોધરી ભરતકુમાર મફતલાલ | ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો શાળાઓ દ્વારા ઓનલાઇન ભરવામાં આવે છે. આધારડાયસ સાથે લીંક કરવામાં આવે તો ઘણા બધા ડેટા ડાયરેક્ટ મળી જાય તેમ હોઇ તથા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓના આવેદનપત્રો માટે ધોરણ-૧૦ના સીટ નંબરના આધારે મોટાભાગનો ડેટા ઓટોમેટીક અપલોડ થઇ જાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવા આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું. | સ્વીકાર |
| ૮ | ચોધરી ભરતકુમાર મફતલાલ | બોર્ડના ચુંટાયેલા સભ્યોને સીટીંગ એલાઉન્સ તથા ડી.એ પેટે અનુક્રમે ૩૦૦/૪૦૦/- રૂ. ચુકવવામાં આવે છે જેનો સુધારો કરી ૭૦૦ / ૮૦૦/- રૂ. મુજબ વધારો કરવા આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું | અસ્વીકાર |
| ૯ | ડૉ. દિનેશસિંગ એન. યાદવ | ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાથીઓની ડુપ્લીકેટ માર્કશીટ, માઈગ્રેશન સર્ટીફીકેટ માટે ગુજરાતના ચાર ઝોનમાં ફાળવણી કરવા બાબત. | અસ્વીકાર |
| ૧૦ | ડૉ. દિનેશસિંગ એન. યાદવ | સરકારશ્રીની ચાલતી યોજનામાં ભાગ લઇ બોર્ડની ઓફીસમાં સોલાર સીસ્ટમ ઉભી કરવા બાબત. | સ્વીકાર |
| ૧૧ | શ્રી જે. પી. પટેલ | ગુજરાતમાં નોંધાયેલી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં બોર્ડના વિનિયમની જોગવાઇ મુજબ ૨૧ કલાક (૩૨ તાસ)ના કાર્યભારની જોગવાઇ કરવામાં આવેલી છે. ઉ.મા. શાળામાં એસાઇમેન્ટ કાર્યને કાર્યભાર તરીકે ગણતરીમાં લેવાની જોગવાઇ છે તે પ્રમાણે માધ્યમિક વિભાગમાં પણ એસાઇમેન્ટ કાર્યની કાર્યભાર તરીકે ગણતરીમાં લેવા જોગવાઇ કરવા વિનિયમમાં જરૂરી સુધારો કરવા આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું. | સ્વીકાર |
| ૧૨ | શ્રી જે. પી. પટેલ | ગુજરાતમાં નોંધાયેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં વર્ગદીઠ વિદ્યાર્થીઓની સરાસરી હાજરી માટેની હાલની જોગવાઇ જે ૨૪/૩૬ વિદ્યાથીઓની છે તેમાં ઘટાડો કરી RMSA શાળાઓની જેમ કરવા આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું | અસ્વીકાર |
| ૧૩ | શ્રી જે. પી. પટેલ | SSC અને HSC બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની કામગીરીમાં રોકાયેલા સ્થળ સંચાલક, સુપરવાઇઝર, નોન ટીચીંગ સ્ટાફના મહેનતાણામાં વધારો કરવાનો આથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું | સ્વીકાર |

| પ્રસ્તાવ ક્રમાંક | સભ્યશ્રીનું નામ | પ્રસ્તાવની વિગત | કારોબારી સમિતિનો નિર્ણય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૪ | ડૉ. પ્રિયવદન કોરાટ | આથી આજની સામાન્ય સભામાં ઠરાવે છે કે રાજ્યમાં માત્ર દિવસ દરમ્યાન શાળાઓ ચલાવવામાં આવે છે. રાત્રિ શાળાઓની ગુજરાતમાં જોગવાઇઓ નથી, મહારાષ્ટ્રમાં ધોરણ-૧૧ અને ૧૨ જુનિયર કોલેજો તથા મુંબઇ યુનિવર્સીટી દ્વારા રાત્રિ કોલેજો ચલાવવામાં આવે છે, જેને કારણે શ્રમજીવી અને આર્થિક કારણોસર કે પોતાના ધંધાની જવાબદારીને કારણે દિવસ દરમ્યાન રેગ્યુલર અભ્યાસ નહી જઇ શકતા વિદ્યાર્થીઓ રાત્રિ કોલેજમાં જઇ અભ્યાસનો લાભ લઇ શકે, આવા શુભ હેતુથી રાજ્યમાં રાત્રિ શાળાઓ ધોરણ-૯ થી ૧૨ની શરૂ કરવાની મંજુરી માંગણી આવે તો મંજુરીના નિયમો જળવાતા હોય તેવા વ્યાજબી કેસમાં રાત્રિ શાળાઓની મંજુરી વિદ્યાર્થીઓના શિક્ષણના વિશાળ હિતમાં આપવી. | અસ્વીકાર |
| ૧૫ | ડૉ. પ્રિયવદન કોરાટ | આથી આજની સામાન્ય સભા ઠરાવે છે કે ગુજરાત માધ્યમિક અને ઉ.મા શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષા કેન્દ્રો પૈકી અમુક પરીક્ષા કેન્દ્રો સંવેદનશીલ જાહેર કરવામાં આવે છે, કે જ્યાં સામુહીક રીતે પરીક્ષામાં ચોરી થતી હોય છે. આ સંવેદનશીલ કેન્દ્રોમાં પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓ પૈકી અમુક તેજસ્વી અને પ્રમાણિક પરીક્ષાર્થીઓ કે જે ચોરી કરવા માંગતા નથી, પરંતુ પરીક્ષા કેન્દ્રનું વાતાવરણ તેને પ્રમાણિક પણે પરીક્ષા આપવા નડતરરૂપ થાય છે. આવા પરીક્ષાર્થીઓને દરેલ જિલ્લા મથકે અમુક ચોક્કસ પરીક્ષા સ્થળની શિક્ષણ બોર્ડ દ્વારા પસંદગી કરવામાં આવે કે જ્યાં કોઇ જાતના કોપી કેસ કે ચોરી થતી જ ન હોય તેવા પરીક્ષાના સ્થળે પ્રમાણિક રીતે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા પરીક્ષાર્થીઓને જિલ્લા મથકે પસંદ કરેલા પરીક્ષા સ્થળમાં પરીક્ષા આપવા માટે પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્ર બદલવાની છૂટ આપવામાં આવે અને તેનો અમલ માર્ચ-૨૦૧૯ની પરીક્ષાથી કરવાનું નક્કી કરવામાં આવ્યું. | અસ્વીકાર |

| પ્રસ્તાવ ક્રમાંક | સભ્યશ્રીનું નામ | પ્રસ્તાવની વિગત | કારોબારી સમિતિનો નિર્ણય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૬ | ડૉ. નિદત બારોટ | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન (રી-એસેસમેન્ટ) કરવા બાબત.<br>ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પુનઃ મૂલ્યાંકન (રી-એસેસમેન્ટ) પ્રથા ગુજરાત બોર્ડમાં અમલમાં નથી, અન્ય ઘણા રાજ્યોમાં ધોરણ-૧૦ અને ૧૨ કક્ષાએ અમલમાં છે, તેમજ રાજ્યની તમામ યુનિવર્સીટીઓમાં પણ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અમલમાં છે. ગુજરાત બોર્ડ વિજ્ઞાન પ્રવાહમાં રૂબરૂ ઉત્તરવહી અવલોકન કરવા આપે છે પરંતુ સાચો જવાબ હોય અને ઉત્તરવહી (પેપર) ચકાસનારા શિક્ષકોએ ગુણ આપેલ ન હોય તો ગુણ સુધારો બોર્ડ આપતુ નથી અને બાળક સાચા જવાબના ગુણ નહિ મળવાથી હતાશ થાય છે, આ પ્રથા સદંતર નિષ્ફળ ગયેલી અને બાળકોના શિક્ષણના હિત વિરુધ્ધની છે, તેમજ સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે અને બાળક નિરાશ થાય છે, આથી આ પ્રથા બંધ કરી ધોરણ-૧૨ માત્ર વિજ્ઞાન પ્રવાહ પુરતી વિદ્યાર્થી ઇચ્છે તે કોઇપણ બે વિષયમાં ઉત્તરવહી પુનઃમૂલ્યાંકન (રી-એસેસમેન્ટ) કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. | અસ્વીકાર |
| ૧૭ | પટેલ ભાનુપ્રસાદ અમૃતલાલ | બોર્ડના જુના તથા નવા તમામ ઠરાવો સ્કેન કરી PDF ફાઇલ બનાવી બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવે તે માટે આથી હુ પ્રસ્તાવ રજુ કરૂ છું | સ્વીકાર |
| ૧૮ | પટેલ ભાનુપ્રસાદ અમૃતલાલ | શાળાએ બોર્ડને વિવિધ દરખાસ્ત કરવાની હોય છે તેના ફોર્મના નિયત નમુના કાયમી ધોરણે બોર્ડની વેબસાઇટ પર મુકવા અથી હું પ્રસ્તાવ રજુ કરૂ છું | સ્વીકાર |
| ૧૯ | પટેલ ભાનુપ્રસાદ અમૃતલાલ | પરીક્ષા વિનિયમ-૨૪ક-૩ માં તા.૨૪/૮/૨૦૧૮ના રોજ થયેલ સુધારો પરીક્ષા સમિતિ તેમજ કારોબારી સમિતિમાં મંજુર થયેલ છે ? જો "હા" હોય તો તારીખ જણાવવી જો "ના" હોય તો આ સુધારો વહિવટી જોગવાઇઓ મુજબ ન થયો હોય તો આથી સુધારેલ વિનિયમ રદ કરવા આથી હું પ્રસ્તાવ રજુ છું | અસ્વીકાર |
| ૨૦ | પટેલ ભરતકુમાર રમણભાઇ | ધોરણ-૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગીક બુક + જનરલ બનાવવા. કારણ કે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રયોગશાળા માર્ગદર્શિકા (પ્રાયોગીક બુક) બહાર પાડેલ છે તેની સાથે જનરલ ભેગી આપવામાં આવે અને સમગ્ર રાજ્યમાં એકસુત્રતા જળવાઇ રહે તેવી મારી આ પ્રસ્તાવના છે. | સ્વીકાર |

| પ્રસ્તાવ ક્રમાંક | સભ્યશ્રીનું નામ | પ્રસ્તાવની વિગત | કારોબારી સમિતિનો નિર્ણય |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૧ | પટેલ ભરતકુમાર રમણભાઇ | સામાન્ય પ્રવાહના મૂલ્યાંકન કેન્દ્રમાં જુદા જુદા વિષયની કામગીરીમાં મૂલ્યાંકન કરવા માટે એક સમાન ઉત્તરવહી (૨૫) થી વધારે નહી તેવુ શા માટે નક્કી કરવામાં આવતું નથી મારી આ રજુઆત છે કે સામાન્ય પ્રવાહમાં વધારેમાં વધારે ૨૫ જવાબવહી તપાસ કરાવી જોઇએ જેથી સારી રીતે કામગીરી થઇ શકે અને વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળી શકે. માટે આ રજુઆત ધ્યાને લઇ આગામી માર્ચ-૨૦૧૯ની પરીક્ષામાં તેનો અમલ કરવાનું નક્કી કરવું જોઇએ. | અસ્વીકાર |
| ૨૨ | માન. ધારાસભ્યશ્રી લલિતભાઈ વસોયા | ધોરણ-૧૦ અને૧૨ વાર્ષિક પરીક્ષામાં વિષયને ધ્યાને રાખી અલગ-અલગ પાનાની ઉત્તરવહી + પુરવણી ૪ પાનાની રાખવામાં આવે છે પુરવણીમાં સીટ નંબર,ખાખી સ્ટીકર વગેરેની જગ્યા છોડતાં ૩.૫ પાના લખી શકાય છે વધુમાં વધું પરીક્ષાર્થી ૮ પુરવણીનો ઉપયોગ કરે છે,પરીક્ષા દરમ્યાન ખંડ નિરીક્ષક પુરવણી લેવામાં દેવામાં સતત કાર્યરત રહે છે જેને કારણે પરીક્ષાર્થી ઉપર દેખરેખ રાખી શકતા નથી જ્યારે પરીક્ષાર્થી પુરવણીમાં શીટ નંબર લખવા,સ્ટીકર ચોટાડવા,પેપર પૂર્ણ થયે દોરા બાંધવા વગેરેમાં સમયનો વ્યય કરે છે જેને કારણે ક્યારેક બે કે પાંચ ગુણનુ પેપર લખવાનું પરીક્ષાર્થીને રહી જાય છે જ્યારે પુરવણીને કારણે ઉતરવહી મૂલ્યાંકન કામગીરી કરવામાં ઘણી અગવડ પડે છે તેમજ પરીક્ષાના સંચાલનમાં પુરવણીને કારણે પરીક્ષા સાથે સંકળાયેઆ સમગ્ર તંત્રને ઘણી કામગીરી રહે છે સાથોસાથે ઘણી વખત પુરવણી જુદી પડી જવાને આ કારણે તેનુ ગુણાંકન નહિ થવાથી પરીક્ષાર્થીની કારકિર્દીને નુકસાન જાય છે આવા સંજોગોએ જુદાજુદા વિષયોના તજજ્ઞોની સલાહ લઇને ઉત્તરવહી વિષયવાર કેટલા પાનાની હોવી જોઇએ તે નક્કી કરી પુરવણી પ્રથા બંધ કરવી જોઇએ "આથી આજની સામાન્ય સભા ઠરાવે છે કે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઉત્તરવહીના પાના વિષયની જરૂરીયાત મુજબ રાખીને પુરવણીને પ્રથા બંધ કરવી અને તેની જાણ શાળાઓને કરીને વિષયવાર કેટલા પાનાની ઉત્તરવાહી હશે તે મુજબ શાળા મારફતે ઉત્તરવહી લખવાની પુરતી સમજ પરીક્ષાર્થીને આપવી. | અસ્વીકાર |
| ૨૩ | માન. ધારાસભ્યશ્રી લલિતભાઈ વસોયા | શિક્ષણ બોર્ડમાં હોદ્દાની રૂએ વર્ગ “ક”ના ૧૬ જેટલા માનનીય અધિકારીશ્રીઓ બોર્ડ સભ્યો છે તે પૈકી મોટા ભાગના સામાન્ય સભાની કોઇ બેઠકમાં ક્યારેક હાજર રહેતા નથી કે તેઓના પ્રતિનીધીને બેઠકમાં મોકલતા નથી જેને કારણે તેઓની કચેરીને લગતા શિક્ષણના પ્રશ્નોના નિરાકરણ માટે યોગ્ય ચર્ચા અને સુચનોનું આદાન પ્રદાન થઇ શકતું નથી, જેથી સબંધીત કચેરીને લાગુ પડતાં પ્રશ્નોનું નિરાકરણ થતુ નથી. તેમજ તેઓના તરફથી ગેરાહાજરીને કારણે બોર્ડને મળનાર કિમતી માર્ગદર્શન અને સૂચનોથી બોર્ડ વંચિત રહી જાય છે. આથી આજની સામાન્ય સભા ભલામણ કરે છે કે હોદ્દાની રૂએ વર્ગ-ક ના બોર્ડ સભ્યો માનનીય અધિકારીશ્રીઓ સામાન્ય સભામાં વિશાળ શિક્ષણના હિતમાં હાજર રહે તે અંગેની વિનંતી કરવી. | સ્વીકાર |